RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 35* Date: 24.11.2022, Thursday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## વિજય સંકલ્પ કાર્યક્રમ અંતર્ગત દેશના પ્રધાનસેવક અને વૈશ્વીકનેતાશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આજે દાહોદ ખાતે વિશાળ જનમેદનીને સંબોધી



દાહોદ ,

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, વિજય સંકલ્પ કાર્યક્રમ અંતર્ગત દેશના પ્રધાનસેવક અને વૈશ્વીકનેતાશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આજે દાહોદ ખાતે વિશાળ જનમેદનીને સંબોધી.

લોકપ્રિય પ્રધાનસેવકશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સંબોધન કરતા જણાવ્યું કે, આ દાહોદે હું જેટલી વખત આવ્યો દરેક વખતે જૂના રેકોર્ડ તોડયા છે. ખૂબ મોટી વિરાટ જન સંખ્યા જોઇને લાગે છે કે આ વખતે દાહોદે નક્કી કર્યુ છે કે ભાજપની સરકાર બની ગઇ. આજે મારા માટે આનંદની પળ છે કે જે ધરતી પર જીવનના પ્રારંભીક વર્ષોમાં સાઇકલ પર ફરી ને કામ કરતો ત્યારે આજે અંદાજે ૪૫ વર્ષે પણ અંહીના લોકોએ એટલો જ પ્રેમ અને આશિર્વાદ આપી રહ્યા છે આનાથી મોટુ સદભાગ્ય કશું ન હોય.

શ્રી મોદી સાહેબે દાહોદ,પંચમાહલ અને આદિવાસી જીલ્લા અંગે સંબોધન કરતા જણાવ્યું કે, આ વિસ્તાર એક પ્રકારે ઈતિહાસના ના પન્નામાં ભલે ન ચમક્યો, આઝાદી પછી જે ન્યાય મળવો જોઇએ તે ભલે ન મળ્યો હોય પરંતુ આ ધરતીએ , અંહીના આદિવાસીભાઇઓએ સર્વોચ્ચ બલિદાન આપ્યા છે. આ વિરોની ધરતી દેશના આઝાદી માટે મર મીટનારા લોકોની ધરતી છે. પેઢી દર પેઢી રાષ્ટ્રભક્તિની પ્રેરણા આપનાર ગોવિંદ ગુરુને વંદન કર્યા.

શ્રી મોદી સાહેબે જનતાને ઈશ્વર કહી સંબોધતા વધુમાં જણાવ્યું કે, આ ચૂંટણીમાં જનતાએ ભુપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ભાજપની સરકાર બનાવવા જે રીતે આશિર્વાદ આપી રહ્યા છો તે બદલ એડવાન્સમાં આપ સૌનો આભાર માની રહ્યો છું. આ ચૂંટણી તો ગુજરાતની જનતા ભાજપને જીતાડવાની છે હું નથી જીતાડતો. મારા માટે આ જનતા જનાર્દન ઈશ્વરનો અવતાર છે. જેટલી વાર માથુ ટેકવવાની તક મળે ત્યારે પુણ્ય જ મળે અને એટલે તમારા આશિર્વાદ લઇ પુણ્ય કમાવવા આવ્યો છું બાકી વિજય તો તમારા મતથી થવાનો જ છે અને તમારો વટ પણ પડવાનો છે.. કોંગ્રેસ વાળાને જીત પાકિ લાગે તો જનતાની સામે પણ ન જુવે પરંતુ ભાજપ જીત ૨૦૦ ટકા પાકી હોય તો પણ જનતાના પગે પડે અને પડે, કોંગ્રેસ અને ભાજપમાં આ ફરક છે. તમે મને સત્તા પર નથી બેસાડયો, તમે મને સેવાનું કામ સોપ્યું છે હું એક સેવક તરીકે સેવાદારનું કામ કરુ છું. જેમ હું મારુ કર્તવ્ય નિભાઉ છું મતદાતાઓને મળી આશિર્વાદ લઉ છું તેમ આ દેશનો દરેક નાગરિક પણ તેમનું કર્તવ્ય નિભાવે. જો દરેક વ્યક્તિ તેનું કર્તવ્ય નિભાવે તો આ દેશને આગળ જતા કોઇ ન રોકી શકે. આ ચૂંટણીમાં આપણા બધા નાગરિકોનું કર્તવ્ય છે કે પોલીંગ બુથ પર જઇને બટન દબાવી મત દબાવી લોકતંત્રની સેવા કરવાની અને કમળને મત આપીને ભાજપ અને ગુજરાતની સેવા કરવાનું કર્તવ્ય સૌએ નિભાવવાનું છે.

શ્રી મોદી સાહેબે વધુમાં જણાવ્યું કે, આદિવાસી સમાજનું કોંગ્રેસે આઝાદી પછી પંચાયતથી પાર્લામેન્ટ સુધી વર્ષો સુધી સત્તા ભોગવી પણ એમને કયારેય આદિવાસીઓની યાદ ન આવી. કોંગ્રેસ વાળા ચૂંટણી આવે એટલે આદિવાસીઓની વાત કરી મત લઇ જતા રહે. આ દેશમાં ઢગલા બંધ રાષ્ટ્રપતિ થઇ ગયા પરંતુ કોંગ્રેસના લોકોને કયારેય કોઇ આદિવાસીને રાષ્ટ્રપતિ બનાવવાનો વિચાર ન આવ્યો. ભારતીય જનતા પાર્ટીએ પહેલી વાર દેશમાં આદિવાસી રાષ્ટ્રપતિ તેમા પણ મહિલા રાષ્ટ્રપતિ બનાવી આખા દેશમાં સંદેશો આપ્યો છે.

શ્રી મોદી સાહેબે કોંગ્રેસ પર આકરા પ્રહાર કરતા જણાવ્યું કે, હમણા એક ભાઇ પદ માટે યાત્રા કરી રહ્યા છે, પદ માટે લોકશાહિમાં યાત્રા કરાય તે ખોટુ નથી. પરંતુ પદ માટે ભાષણ કરે છે ત્યારે પુછવા માંગુ છું કે ભાજપે એક આદિવાસી બહેનને રાષ્ટ્રપતિના ઉમેદવાર બનાવ્યા તો તેમને ટેકો આપવા તમારા પેટમાં શું દુખતું હતું. આપણા રાષ્ટ્રપતિ ઉમેદવાર બહેનની સામે કોંગ્રેસે ઉમેદવાર ઉભો રાખ્યો તેમને હરાવવા આકાશ પાતાળ એક કર્યુ પરંતુ આદિવાસી ભાઇ-બહેનોના આશિર્વાદ હતા કે આપણા દેશની આદિવાસી બહેન દેશની રાષ્ટ્રપતી બનાવ્યા. કોંગ્રેસની સંસ્કૃતિ રહી છે કે પોતે તો કરે નહી બીજાને કરવા દે નહી અને જો કરે તો આડે ઉતરીને ખાડા કરવાનો કોંગ્રેસનો સ્વભાવ છે. ભાજપના સંસ્કાર,સિંદ્ધાત સંર્વાનગી વિકાસને વળેલા છે, સર્વસ્પર્શી વિકાસને વળેલા છે, સર્વહિત માટે કામ કરવા વાળા ભાજપના લોકો છે. આજે ગુજરાત તેજ ગતીએથી વિકાસ કરી રહ્યું છે અને ગુજરાત અને ભારતના વિકાસની આજે દુનિયા ભરમાં ચર્ચા થઇ રહી છે. ભાજપે જયા સેવા કરવાની તક મળ્યો ત્યારે તેજ ગતીથી, સર્વાંગી વિકાસ, સર્વો સ્પર્શી વિકાસસ, સર્વોક્ષેત્રીય વિકાસ કર્યો છે. શ્રી મોદી સાહેબે વધુમાં જણાવ્યું કે, આદિવાસી પરિવારોના રોટલા ખાઇને હું મોટો થયો છું ત્યારે નિરાંતે વાત કરવાનું મન થાય તે સ્વભાવિક છે. ફુટપાથ પર વેપાર કરનાર પાથરળાવાળા,લારી ગલ્લામાં શાકભાજી વહેચનાર અને નાના વેપારીઓ માટે સ્વનિધિ યોજના ચલાવીએ છીએ તો બીજી બાજુ પીએલઆઇ સ્કીમ દ્વારા મોટો મોટા દુનિયાના ઉદ્યોગકારો આવે તેના માટે યોજના બનાવી રહ્યા છીએ. ભારત અને ગુજરાતમાં વિમાનો બને તેના કારખાના અને ફેકટરીઓ બને તેનું કામ કરીએ છીએ. ગરિબોને પાકા ઘર આપવાનું કામ કરીએ છીએ. આયુષ્યમાન યોજના થકી પાંચ લાખ રૂપિયા થકી દર્દીઓની સારવાર માટે મળે તેની વ્યવસ્થા કરી છે. આજે ડિજિટલ પેમેન્ટ માટેની વ્યવસ્થા કરી છે. આજે ગામડે ગામડે ૧૦૮ની સુવિધાથી દર્દીઓને ઝડપથી સારવાર મળે. આજે ઘરે ઘરે નળથી જળ મોકલવાની વ્યવસ્થા કરી.આજે દાહોદ જિલ્લાની આદિવાસી દિકરી નર્સ બની વિદેશમાં સેવા કરવા જાય તે કામ આપણે કર્યું છે. કોંગ્રેસના જમાનામાં પહેલા લોન મેળા કરે તેમાં પણ કટકી કરતા. કોંગ્રેસના સમયમાં આદિવાસીઓ દેવાના ડુંગરમાં હોમાઇ જતા આજે આપણે આદિવાસીઓનું જીવન બદલી નાખ્યું છે. આજે દાહોદમાં હિન્દુસ્તાનને દોડાવે તેવા એન્જિન બનાવવાના છે. અંહિના એન્જિન વિદેશમાં એક્સપોર્ટ કરવાના છે. શ્રી મોદી સાહેબે અંતમાં જણાવ્યું કે ભાજપના દરેક ઉમેદવારને જંગી મતોથી જીતાડી કમળ ખીલાવવાનું છે.

આ જાહેરસભામાં દાહોદ જિલ્લાના ઉમેદવારો, જિલ્લા અને પ્રદેશના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## જેલમાં ’આમ આદમી’નું ખાસ ભોજન! મસાજની મજા બાદ જેલમાં જલસાનો બીજો વીડિયો આવ્યો સામે આવ્યો

નવી દિલ્હી,તા.૨૩

: ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીને કારણે ગુજરાતમાં હાલ રાજકીય ગરમાવો છે. ત્યારે કેજરીવાલની સરકારના પૂર્વ મંત્રીના એક બાદ એક જેલમાં જલસાના વીડિયો સામે આવતો ચૂંટણીમાં ગરમાવો વધી ગયો છે. દિલ્હીના આમ આદમી પાર્ટીના પૂર્વ મંત્રી અને કેજરીવાલના એક સમયના મિત્ર કહેવાતા સત્યેન્દ્ર જૈન હાલ જેલમાં છે. દિલ્હીની તિહાડ જેલમાં તેઓ સજા કાપી રહ્યાં છે પણ જેલમાં ઠાઠમાઠ તો જુઓ. જેલમાં પહેલાં મસાજ અને ત્યાર બાદ શાહી ભોજનનો સ્વાદ માણતા જોવા મળ્યાં સત્યેન્દ્ર જૈન.



જેલમાં મસાજની મજા માણતા કેજરીવાલના મંત્રીનો પહેલાં વીડિયો વાયરલ થયો હતો. ત્યાર બાદ હવે જેલમાં શાહી ભોજનનો સ્વાદ માણસો વીડિયો સામે આવતા હડકંપ મચી હયો છે. જ્યાં બીજા કેદીઓ જેલમાં સજા કાપી રહ્યાં છે. ત્યાં આમ આદમી પાર્ટીના પૂર્વ મંત્રી સત્યેન્દ્ર જૈન જેલમાં બેસીને જલસા કરે છે. તિહાડ જેલમાં તેમને વીવીઆઈપી ટ્રીટમેન્ટ મળતી હોવાના ઘણાં પુરાવા સામે આવ્યાં છે.

મહત્વનું છે કે ૧૯ નવેમ્બરે મની લોન્ડ્રીંગ સાથે જોડાયેલ કથિત કેસમાં તિહાડ જેલમાં બંધ દિલ્હીના પૂર્વ મંત્રી સત્યેન્દ્ર જૈનનો એક વીડિયો સામે આવ્યો હતો. જેનાથી તેમની મુશ્કેલીમાં વધારો થયો છે. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા વીડિયોમાં તિહાજ જેલમાં બંધ સત્યેન્દ્ર જૈન જેલમાં શાનદાર જિંદગી વિતાવી રહ્યા છે અને માલિશ કરાવતા દેખાઈ રહ્યા છે. વીડિયોમાં દેખાઈ રહ્યું છે કે, સત્યેન્દ્ર જૈન જેલમાં જ મસાજનો આનંદ ઉઠાવી રહ્યા છે. આ વીડિયો સામે આવતા જ ભાજપે ફરી એક વાર આમ આદમી પાર્ટી પર પ્રહારો કરવાનું શરુ કરી દીધું છે.

ઉલ્લેખનીય છેકે, આ પહેલાં દિલ્હીની તિહાર જેલમાંથી સત્યેન્દ્ર જૈનના કુલ ત્રણ વીડિયો સામે આવ્યા છે. આને સીસીટીવી ફૂટેજ તરીકે વર્ણવવામાં આવ્યા છે. આ વીડિયોમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે એક વ્યક્તિ સત્યેન્દ્ર જૈનના પગ, માથા અને શરીર પર મસાજ કરાવી રહ્યા છે.

ઈડીએ થોડા સમય પહેલાં એવો પણ આરોપ લગાવ્યો હતો કે સત્યેન્દ્ર જૈનને તિહાર જેલમાં વીઆઈપી ટ્રીટમેન્ટ મળી રહી છે. ઈઢએ કહ્યું હતું કે કોર્ટના આદેશનું ઉલ્લંઘન કરીને સત્યેન્દ્ર જૈન માટે દરરોજ તેમના ઘરેથી ભોજન મગાવવામાં આવે છે. તેમની પત્ની પૂનમ જૈન અવારનવાર સેલમાં તેમની મુલાકાત લે છે, જે ખોટું છે. તે કેસના અન્ય આરોપીઓ સાથે કલાકો સુધી તેની સેલમાં બેઠકો કરે છે. સત્યેન્દ્ર જૈન જેલમંત્રી હોવાનો ખોટો ફાયદો ઉઠાવી રહ્યા છે.

## હિમાચલ ચૂંટણી: સર્વેથી કોંગ્રેસના નેતાઓ ઝુમવા લાગ્યા, સીએમ બનવા માટે દિલ્હીના આંટાફેરા શરુ કરી દીધા

શિમલા,તા.૨૩

હિમાચલની ચૂંટણીના રિઝલ્ટ આવવામાં હજૂ એક પખવાડીયા કરતા પણ વધારે સમય બાકી છે. તેમ છતાં પણ ચૂંટણી સર્વેથી ઉત્સાહિત રાજ્યમાં કોંગ્રેસના દિગ્ગજ મુખ્યમંત્રી પદ મેળવવા માટે હોડ લગાવવા લાગ્યા છે. કોંગ્રેસ સૂત્રોએ કહ્યું છે કે, આંતરિક સર્વેથી સંકેત મળ્યા છે કે, પાર્ટીને હિમાચલમાં બહુમત મળવાની સંભાવના છે. જેનાથી મુખ્યમંત્રી પદના દાવેદારોની સંખ્યા વધી રહી છે. એક વરિષ્ઠ નેતાએ એએનઆઈને જણાવ્યું છે કે, તેમને વિશ્વાસ છે કે, કોંગ્રેસ હિમાચલમાં ૪૨થી ૪૬ જેટલી સીટ જીતી રહી છે અને અમુક અપક્ષ ઉમેદવારો પણ તેમના સંપર્કમાં છે. ત્યારે હવે સ્થિતિ એવી થઈ છે કે, હિમાચલના મોટા નેતાઓ અત્યારથી દિલ્હીમાં પોતાની હાજરી નોંધાવાની શરુ કરી દીધી છે. પૂર્વ પ્રદેશ અધ્યક્ષ અને પ્રચાર સમિતિના પ્રમુખ સુખવિંદર સિંહ સુખ્ખુ દિલ્હીમાં વરિષ્ઠ નેતાઓ સાથે મળવા આવી રહ્યા છે. જ્યારે મંડીથી પાર્ટીના સાંસદ અને પૂર્વ સીએમ વીરભદ્ર સિંહની પત્ની પ્રતિભા સિંહ અને તેમના દીકરા વિક્રમાદિત્યએ પણ દિલ્હીના આંટાફેરા ચાલું કરી દીધા છે. ૧૯૮૩માં હિમાચલમાં સીએમ બન્યા બાદ વીરભદ્ર સિંહનો દબદબો રહ્યો છે. જ્યારે પણ પાર્ટીની સરકાર બની, તેઓ હિમાચલના સીએમ બન્યા છે. ૧૯૮૩ બાદ આ પ્રથમ વાર ચૂંટણી છે, જ્યારે વીરભદ્ર સિંહના નિધન બાદ તેમના વગર કોંગ્રેસ ચૂંટણી લડી રહી છે.

આ વીરભદ્ર સિંહનો જ દબદબો હતો કે, તેમની પત્ની પ્રતિભા સિંહ ચૂંટણી પહેલા અધ્યક્ષ બનીને ચૂંટણીમાં કુદી પડ્યા. પાર્ટીએ તેમના ધારાસભ્ય દીકરા વિક્રમાદિત્યે બીજી વાર મેદાને ઉતાર્યા. પણ તેમનું નગણ્ય પ્રશાસનિક અનુભવ તેમના સીએમ બનવામાં અડચણરુપ બની રહ્યું છે. હિમાચલ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સુખવિંદર સિંહ સુખ્ખુ પણ મુખ્યમંત્રી પદની રેસમાં છે. આ ઉપરાંત ડલહૌઝીથી છ વખત ધારાસભ્ય રહેલા આશા કુમારી પણ સીએમ પદની રેસમાં છે. આશા કુમારી છત્તીસગઢના મુખ્યમંત્રી ટીએસ સિંહદેવની બહેન છે. કેબિનેટ મંત્રી રહેલા આશા કુમારી તો સાતમી વાર વિધાનસભા પહોંચશે તો મુખ્યમંત્રીનો દાવો ઠોકી શકશે.જ્યારે વીરભદ્ર સિંહના પરિવારને મુખ્યમંત્રીની ખુરશીથી દૂર રાખવું અને તેમના વિરોધી નેતાને કમાન સોંપવી હાઈકમાન્ડ માટે માથાનો દુખાવો સાબિત થઈ શકશે. ત્યારે આવા સમયે વીરભદ્ર સિંહના પરિવારના નજીકના બે પ્રભાવશાળી નેતા મુકેશ અગ્નિહોત્રી અને સુધીર શર્મા પાર્ટી માટે વિકલ્પ બની શકે છે. અહીં ઉલ્લેખનિય છે કે, થોડા મહિના પહેલા ઉત્તરાખંડ ચૂંટણી બાદ પણ કોંગ્રેસે આવી જ આશા વ્યક્ત કરી હતી અને હરીશ રાવતને સીએમ બનાવાની તૈયારી કરી હતી. જ્યારે પરિણામ કંઈક અલગ આવ્યા અને ભાજપની સરકાર બની ગઈ. જો કે, આ વખતે કોંગ્રેસે પોતાના નેતાઓને કહી દીધું છે કે, હિમાચલ ચૂંટણીના પરિણામ ન આવે ત્યાં સુધી દિલ્હી બાજૂ આંટા મારવાનું રહેવા દેજો.

## ઈમરાન ખાને ભારત પાસેથી મળેલો ગોલ્ડ મેડલ વેચ્યો‘, પાકિસ્તાનના રક્ષા મંત્રીનો ખુલાસો

ઈસ્લામાબાદ,તા.૨૩

પાકિસ્તાનના રક્ષામંત્રી ખ્વાજા આસિફે દાવો કર્યો છે કે પૂર્વ પ્રધાનમંત્રી ઈમરાન ખાને ભારતમાંથી મળેલો ગોલ્ડ મેડલ વેચી દીધો છે. આ મેડલ ઈમરાન ખાનને ત્યારે મળ્યો હતો જયારે તે પાકિસ્તાન તરફથી ક્રિકેટ રમતા હતા. તેમને શાનદાર પ્રદર્શન માટે ભારતમાં ગોલ્ડ મેડલ મળ્યો હતો. રક્ષામંત્રીએ જણાવ્યું કે તેમણે આ વિશે એક કાર્યક્રમમાં જણાવ્યું કૈ પીટીઆઇ અધ્યક્ષે ભારતમાંથી મળેલા ગોલ્ડ મેડલને વેચી દીધો હતો. ક્રિકેટરથી રાજનેતા બનેલા ૭૦ વર્ષીય ઈમરાન ખાન આ દિવસોમાં ભેટ વેચવા પર નિશાના પર છે. ઈમરાન ખાને ભેટમાં મળેલી એક મોંઘી ઘડિયાળને પણ વેચવાની વાત સામે આવી હતી. આ પહેલાં પણ ઈમરાન પર ભેટ વેચવાના આરોપ લાગ્યા હતા. પરંતુ આસિફની પાસે પૂર્વ ક્રિકેટર દ્વારા કથિત રૂપથી વેચેલા ગોલ્ડ મેડલ વિશે કોઈ માહિતી નથી.

નોંધપાત્ર રીતે, તોશાખાના મુદ્દામાં ‘ખોટા નિવેદનો અને ખોટી ઘોષણાઓ’ કરવા બદલ પાકિસ્તાનના ચૂંટણી પંચ દ્વારા ખાનને ગેરલાયક ઠેરવવામાં આવ્યા હતા. મીડિયા અહેવાલો અનુસાર, ૮ સપ્ટેમ્બરના રોજ, પદભ્રષ્ટ પ્રધાનમંત્રીએ એક લેખિત જવાબમાં સ્વીકાર્યું હતું કે તેમણે પ્રધાનમંત્રી તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન મળેલી ઓછામાં ઓછી ચાર ભેટો વેચી દીધી હતી. તો પાકિસ્તાની મીડિયા રિપોર્ટ પ્રમાણે પાછલા દિવસોમાં એક જાણીતા કારોબારીએ સ્વીકાર્યું કે તેમણે ઈમરાન ખાનની પત્નીના મિત્ર પાસેથી એક ખુબ કિંમતી ઘડિયાળ ખરીદી હતી.

## દિલ્હીમાં ભયાનક હત્યાકાંડ, નશેડી યુવકે દાદી-પિતા, બંને બહેનોને મોતને ઘાટ ઉતાર્યા

નવીદિલ્હી,તા.૨૩

નવીદિલ્હીના પાલમ વિસ્તારમાં ચાર લોકોની હત્યાનો ખૌફનાક મામલો સામે આવ્યો છે. એક પરિવારના ચાર સભ્યોની હત્યા ઘરની અંદર જ ચાકૂ મારીને કરી દેવાઈ. હત્યાનો આરોપ પરિવારના જ એક યુવક પર છે. જે નશાનો આદી છે. હાલ તેની ધરપકડ કરી લેવાઈ છે. આરોપ છે કે તેણે તેના પિતા, દાદી અને બંને બહેનોને ચાકૂ મારીને મોતને ઘાટ ઉતારી દીધા. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી દીધી છે. હત્યાની પાછળનો આશય શું હતો તે હજુ જાણી શકાયું નથી. આ ઘટનાને બુધવારે ઉત્તર-પશ્ચિમ દિલ્હીના પાલમ વિસ્તારમાં અંજામ અપાયો.

આરોપી નશાનો આદી છે અને તેણે સંબંધોનું જ કત્લેઆમ કરી નાખ્યું. મળતી માહિતી મુજબ તેની બે બેહનો પિતા અને દાદીના લોહીથી લથપથ મૃતદેહો પડ્યા હતા. એક મહિલાનો મૃતદેહ જમીન પર પડ્યો હતો જ્યારે બાકીના બે સભ્યોના મૃતદેહ બાથરૂમમાંથી મળ્યા. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવાયા છે. પોલીસ આરોપીની પૂછપરછ કરી રહી છે. આ મામલે વધુ માહિતીની રાહ જોવાઈ રહી છે.

## ગુજરાતમાં ચૂંટણી પ્રચાર કરી રહેલા કેન્દ્રીય મંત્રીના ભત્રીજાએ પંખા સાથે લટકીને આત્મહત્યા કરી લીધી

લખનો,તા.૨૩

ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉથી એક મોટા સમાચાર આવી રહ્યા છે. અહીં લખનઉના દુબગ્ગા વિસ્તારમાં કેન્દ્રીય રાજયમંત્રી કૌશલ કિશોરના ભત્રીજા અને રિયલ એસ્ટેટ બિઝનેસમેન નંદ કિશોરે આત્મહત્યા કરી લીધી છે. નંદ કિશોરે પોતાના રુમમાં આત્મહત્યા કરી છે. કહેવાય છે કે, નંદ કિશોરે ચાદરની મદદ લઈ પંખા સાથે લટકીને જીવ આપી દીધો છે. જો કે, આત્મહત્યા પાછળનું કારણ સામે આવ્યું નથી. નંદ કિશોર કેન્દ્રીય રાજયમંત્રી કૌશલ કિશોરના ભત્રીજા થાય છે.

આપને જણાવી દઈએ કે, આ અગાઉ માર્ચ ૨૦૨૧માં કેન્દ્રીય રાજયમંત્રી કૌશલ કિશોરની વહુ અંકિતાએ પણ આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો હતો.

## તંત્રી સ્થાનેથી...

### રાજ્ય સરકારો પોતાનાં નગર નિગમોની આર્થિક દશા સુધારવા મુદ્દે થોડી ગંભીરતા દાખવે

*દેશનાં નગર નિગમોની આર્થિક સ્થિતિને લઈને રિઝર્વ બેંકે પોતાનો જે રિપોર્ટ રજૂ કર્યો, તેના પર આ નિગમોની સાથે જ રાજ્ય સરકારોએ પણ ચેતી જવું જોઈએ. તેની સાથે જ કેન્દ્ર સરકારે પણ તેની ચિંતા કરવી જોઈએ કે રાજ્ય સરકારો પોતાનાં નગર નિગમોની આર્થિક દશા સુધારવા મુદ્દે થોડી ગંભીરતા દાખવે, કારણ કે શહેરો જ વિકાસનાં વાહક હોય છે. જો સ્થાનિક નિગમોની સ્થિતિ ન સુધરી તો તે સમસ્યાઓથી ઘેરાયેલાં રહેશે. તેના પરિણામે શહેરોમાં રહેણીકરણીનું સ્તર તો પ્રભાવિત થશે જ, સાથે જ તે અર્થવ્યવસ્થાને આધાર પણ નહીં આપી શકે. રિઝર્વ બેંક અનુસાર આપણાં નગર નિગમો આર્થિક રૂપે અત્યંત દુર્બળ છે અને તેમનું બજેટ બ્રિક્સ દેશોના સ્થાનિક નિગમોની તુલનામાં બહુ ઓછું છે. તેનો અર્થ છે કે આપણાં શહેરો આ સંગઠન એટલે કે બ્રાઝિલ, રશિયા, દક્ષિણ આફ્રિકા અને ચીનનાં શહેરોની જેમ પ્રગતિ કરી શકવામાં અસફળ છે. આખરે જ્યારે તેમની પાસે પૂરતું ધન જ નહીં હોય તો તેઓ ખુદનો વિકાસ કેવી રીતે કરી શકે? નગર નિગમોની આર્થિક સ્થિતિ કમજોર હોવાનું તથ્ય એક એવા સમયે આવ્યું છે, જ્યારે શહેરીકરણની સાથે જ શહેરોની જનસંખ્યા પણ તેજીથી વધી રહી છે. જો શહેરોનું બુનિયાદી માળખું સુધર્યું નહીં તો તે આબાદીના વધતા બોજને વહન કરવામાં સમર્થ નહીં રહે. તેની અવગણના ન કરવી જોઈએ કે કમજોર બુનિયાદી માળખાવાળાં શહેર આર્થિક રૂપે અપેક્ષિત પ્રગતિ નથી કરી શકતાં.*

*જો દેશને આર્થિક રૂપે મજબૂત બનાવવો હશે તો શહેરોના બુનિયાદી માળખાને મજબૂત કરવું પડશે. આ કામ ત્યારે જ સંભવ છે, જ્યારે સ્થાનિક નિગમો આર્થિક રૂપે સદ્ધર હોય. આપણાં નાનાં-મોટાં શહેરોનાં સ્થાનિક નિગમો લાલફીતાશાહી અને ભ્રષ્ટાચારથી ગ્રસ્ત છે, તેથી તે એવા બુનિયાદી માળખાનું નિર્માણ કરવામાં અસમર્થ છે, જેવું જરૂરી છે. સ્થાનિક નિગમો પાસે રાજસ્વ એકત્ર કરવાના જે ઉપાય છે, તે ન માત્ર સીમિત છે, બલ્કે ભ્રષ્ટ રીતભાતોથી ગ્રસ્ત છે. તે રાજસ્વ માટે રાજ્ય સરકારો પર નિર્ભર રહે છે, જ્યારે તેમણે તો આત્મનિર્ભર હોવું જોઈએ. એવું નથી કે તેઓ રાજસ્વ મામલે આત્મનિર્ભર નથી થઈ શકતા, પરંતુ તેમની કંગાળ કાર્યપ્રણાલી અને કુપ્રબંધન તેમાં એક મોટી અડચણ બનેલી છે. જોકે આ અડચણથી રાજ્ય સરકારો સારી રીતે પરિચિત છે, પરંતુ તેમની દિલચસ્પી ફક્ત એના પર રાજકીય વર્ચસ્વ સ્થાપિત કરવાની હોય છે. તેથી તેઓ પક્ષીય રાજનીતિનો અખાડો બનીને રહી ગયાં છે. એ એક તથ્ય છે કે દિલ્હી અને મુંબઈ જેવા મહાનગરોનાં સ્થાનિક નિગમો પણ પોતાની નિષ્ફળતા માટે જ વધુ ભાગે ઓળખાય છે, નહિ કે બહેતર શહેરી વિકાસ માટે. જો નગર નિગમો પોતાની આવક માટે મુખ્યત્વ સંપત્તિ કર પર જ નિર્ભર હોય તો એ જ કારણે કે તેઓ રાજસ્વ એકત્ર કરવાની અન્ય રીતો પર યોગ્ય રીતે અમલ જ નથી કરી શકતાં.*

### મહારાષ્ટ્રના નાસિકની નજીક વહેલી સવારે ૪ વાગે ૩.૬ની તિવ્રતાનો ભૂકંપ આવ્યો


નાસિક,તા.૨૩

બુધવારે વહેલી સવારે મહારાષ્ટ્રના નાશિક પાસે રિક્ટર સ્કેલ પર ૩.૬ તિવ્રતાનો ભૂકંપ અનુભવાયો હતો. નેશનલ સેન્ટર ફોર સીસ્મોલોજીએ આ જાણકારી આપી છે. એનસીએસના જણાવ્યા અનુસાર, નાસિકથી ૮૯ કિમી પશ્ચિમમાં સવારે લગભગ ૪ કલાકે ધરતીની પરત નીચે ટેક્ટોનિક પ્લેટોની હલચલ અનુભવાઈ હતી. ભૂકંપની ઊંડાઈ જમીનથી ૫ કિમી નીચે હતી.

રાષ્ટ્રીય ભૂકંપ વિજ્ઞાન કેન્દ્રએ એક ટ્વિટ કરીને કહ્યું કે, મહારાષ્ટ્રના નાસિકથી ૮૯ કિમી પશ્ચિમમાં આજે સવારે લગભગ ૦૪.૦૪ કલાકે ૩.૬ તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ભૂકંપની ઊંડાઈ જમીનથી ૫ કિમી નીચે હતી.

આ અગાઉ મંગળવારે લદ્દાખના લેહ અને કારગિલમાં ભૂકંપના ઝટકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તિવ્રતા ૪.૩ રહી હતી. ભૂકંપનું કેન્દ્ર કારગિલથી ૧૯૧ કિમી દૂર ઉત્તરમાં હતું.

નામઃ- પૂજા અનિલકુમાર પટેલ (ચીકી)
ગામઃ- અમદાવાદ
પ્રકારઃ- હાઈકુ
શીર્ષકઃ- વિદ્યાર્થીની વેદના'



તણાવ આપે,
રોજગાર ન મળે,
ખર્ચા સતાવે!
માથું દુઃખાડે
કેવી રીતે તણાવે
પરીક્ષા દેવી?
ભૂલી જવાય
કરેલી તૈયારીઓ
નોકરી જાય!
હંમેશા મળે
નિરાશા, મહેનત
પડે મસ્તકે!
આત્મ વિશ્વાસ
ડૂબે, કિરણ શોધે
એક આશાનું!

કેવા લોક છે?
પગ બાંધીને
ચાલવાનું કહે છે!
હાથ બાંધીને,
તરવાનું કહે છે!
સેન્ડલ મારીને ,
પ્રેમ કરવા કહે છે!
કાનમાં સીસું રેડીને,
સાંભળવાનું કહે છે
આંખ મીંચીને,
સખી જોવાનું કહે છે!
મડદાને બાંધીને,
ખીચડું ખાવાનું કહે છે!!
ભરત વૈષ્ણવ
૨૩.૧૧.૨૦૨૨.# કવિતા

# ચૂંટણી કમિશનરો નિષ્પક્ષ હોવા જોઈએ, તેની પસંદગી પ્રક્રિયા પારદર્શક હોવી જોઈએ : સુપ્રીમ કોર્ટ

નવીદિલ્હી,તા.૨૩

મુખ્ય ચૂંટણી કમિશનર અને ચૂંટણી કમિશનરોની નિમણૂકના મામલે કેન્દ્રની વર્તમાન પ્રણાલી પર સવાલ ઉઠાવતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે આ માટે શ્રેષ્ઠ બિન-રાજકીય, ન્યાયી અને પારદર્શક પદ્ધતિની નિમણૂક કરવી જોઈએ. જસ્ટિસ કેએમ જોસેફ, અજય રસ્તોગી, અનિરુદ્ધ બોઝ, હૃષીકેશ રોય અને સીટી રવિકુમારની પાંચ જજોની બંધારણીય બેંચ, જે ચૂંટણી પેનલને રાજકીય અથવા વહીવટી દખલગીરીથી બચાવવા માટેના નિર્દેશોની માંગ કરતી અરજીઓની સુનાવણી કરી રહી છે, તેમના મુજબ નિમણૂક પ્રક્રિયામાં સંતુલન એ સરકારને તેની પસંદગીની વ્યક્તિઓની નિમણૂક કરવાની મંજૂરી આપે છે. કલમ ૩૨૪(૨) સીઈસી/ઈસીની પસંદગી અને નિમણૂક માટે કાયદો ઘડવાની ફરજ પાડે છે, પરંતુ છેલ્લા સાત દાયકામાં કંઈ જ કરવામાં આવ્યું ન હોવાનું જણાવતા બેન્ચે કહ્યું, ×આ રીતે બંધારણના મૌનનો લાભ લેવામાં આવી રહ્યો છે.×

રાજકીય પક્ષો નિમણૂક માટે સ્વતંત્ર પેનલની સ્થાપના કરવા માટે કાયદો પસાર કરવા માટે ક્યારેય સંમત થશે નહીં કારણ કે આ પ્રકારનો કાયદો તેમની પસંદગીના વ્યક્તિઓની નિમણૂક કરવાની સત્તા છીનવી લેશે. એટર્ની જનરલ આર વેંકટરામાણીએ કોર્ટ પર દબાણ કરતા કહ્યું કે, આ પ્રકારનો કાયદો હાલની સિસ્ટમમાં દખલ ન કરો, કારણ કે અરજદારોના આક્ષેપ મુજબ કોઈ જગ્યા ખાલી નથી, જે કોર્ટના ચુકાદા દ્વારા ભારી શકાય. બેન્ચે કહ્યું કે, ૭૦ વર્ષથી વધુ કામ કર્યા પછી બંધારણમાં આવો કાયદો નથી. સત્તામાં આવનાર દરેક પક્ષ સત્તા જાળવી રાખવા માંગે છે. તેથી સરકાર કોઈને પસંદ કરે છે અને સીઈસી તરીકે કામ કરવા માટે ખૂબ જ ઓછો સમય આપે છે. દરેક સરકાર સત્તામાં રહેવા માંગે છે. તમે ચૂંટણી પંચ માટે આદર્શ અને શ્રેષ્ઠ વ્યક્તિ કેવી રીતે શોધશો ? અમે વિવિધ અહેવાલો અને ભલામણોની તપાસ કરી શકીએ છીએ. પરંતુ પસંદગી પ્રક્રિયા માટેની કઈ પદ્ધતિ ન્યાયી અને પારદર્શક હોવી જોઈએ.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે સંસ્થાના વડા તરીકે મુખ્ય ચૂંટણી કમિશનરના કાર્યકાળમાં પણ તેઓ કશું જ નક્કર કરવા સક્ષમ નથી. જો આપણે ૨૦૦૪ પછીના મુખ્ય ચૂંટણી કમિશનરોની યાદી જોઈએ તો તેમાંના મોટા ભાગના એવા છે જેમનો કાર્યકાળ બે વર્ષથી વધુ નથી. કાયદા અનુસાર, છ વર્ષનો કાર્યકાળ અથવા ૬૫ વર્ષની ઉંમર સુધીનો કાર્યકાળ હોવો જોઈએ. આમાંથી જે પણ પ્રથમ થાય તેને કાર્યકાળ ગણવામાં આવે છે. મુખ્ય ચૂંટણી કમિશનરો મોટાભાગે અમલદારો હોય છે અને સરકાર આવા અમલદારોની ઉંમર અગાઉથી જાણે છે જેમને મુખ્ય ચૂંટણી કમિશનર બનાવવામાં આવે છે. તેમને મુખ્ય ચૂંટણી કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવે છે જ્યારે તેઓ ક્યારેય છ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કરતા નથી અને તેમની મુદત ખંડિત રહે છે.

ખંડપીઠ મુજબ સીબીઆઈ ડાયરેક્ટર અથવા લોકપાલની નિમણૂકથી વિપરીત, જ્યાં વિપક્ષના નેતા અને ન્યાયતંત્રનો અભિપ્રાય છે, કેન્દ્ર એકપક્ષીય રીતે ચૂંટણી પંચના સભ્યોની નિમણૂક કરે છે.



ભૂતપૂર્વ સીઈસી ટીએન શેષનનો ઉલ્લેખ કરતા, બેન્ચે કહ્યું કે લોકોને કમિશન વિશે ત્યારે જ ખબર પડી જ્યારે તેણે સત્તા સંભાળી અને પેનલને સ્વતંત્ર બનાવવા માટે ઘણા નિર્ણયો લીધા. આ માટે રાજકીય વ્યક્તિની જરૂર નથી. આપણને આવા વ્યક્તિની જરૂર છે અને આવી વ્યક્તિ કેવી રીતે મેળવવી તે પ્રશ્ન છે. ખંડપીઠે અવલોકન કર્યું હતું કે સીઈસી/ઈસીની પસંદગી પ્રક્રિયામાં ભારતના મુખ્ય ન્યાયાધીશનો સમાવેશ પારદર્શિતા સુનિશ્ચિત કરવામાં ઘણો લાભદાયી નીવડશે.

સર્વોચ્ચ અદાલતે અગાઉ પણ કાર્યાલયને રાજકીય હસ્તક્ષેપથી બચાવવા માટે સીબીઆઈ ડિરેક્ટરની નિમણૂક કરવા માટે પગલાં લીધાં હતાં અને હવે પ્રશ્ન એ છે કે સીઈસીની ઓફિસને કેવી રીતે અલગ કરવી.

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે ડૉ.બી.આર. આંબેડકરે બંધારણ સભાની બેઠકમાં કહ્યું હતું કે કલમ ૩૨૪ આવનારી પેઢીઓ માટે સમસ્યા બની શકે છે. અદાલતે એટર્ની જનરલને ચૂંટણી કમિશનરો અને મુખ્ય ચૂંટણી કમિશનરની નિમણૂક માટે અનુસરવામાં આવતી પદ્ધતિ વિશે કોર્ટને જાણ કરવા જણાવ્યું છે.

સુપ્રીમ કોર્ટ બુધવારે આ મામલે વધુ સુનાવણી કરશે. ૨૩ ઓક્ટોબર, ૨૦૧૮ ના રોજ, સુપ્રીમ કોર્ટે પીઆઈએલને બંધારણીય બેંચને મોકલી હતી, જેમાં કહ્યું હતું કે ચૂંટણી કમિશનરો અને મુખ્ય ચૂંટણી કમિશનરની નિમણૂક માટે કોલેજિયમ જેવી સિસ્ટમ હોવી જોઈએ.

## ઝેલેન્સકીની હવે ખુરશી જઈ શકે છે , રાષ્ટ્રપતિની રેસમાં આ ૩ નામ

કીવ,તા.૨૩

રશિયા-યુક્રેન યુદ્ધમાં ટૂંક સમયમાં જ મોટો ઉલટફેર જોવા મળી શકે છે. વિશ્વભરમાં આ યુદ્ધનો ચહેરો બની ગયેલા યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકીને તેમના પદ પરથી હટી જવાની ફરજ પડી શકે છે. તમે વિચારી રહ્યા હશો કે આ કેવી રીતે શક્ય છે, આવી સ્થિતિમાં તમને જણાવી દઈએ કે ઝેલેન્સકીને રાષ્ટ્રપતિ બનાવવા માટે કેટલાક નામો પર ગંભીરતાથી વિચાર કરવામાં આવી રહ્યો છે.

અમેરિકા અને યુરોપિયન યુનિયનને લાગે છે કે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકી હવે તેમના નિયંત્રણમાંથી બહાર નીકળી ગયા છે. ઝેલેન્સ્કી ઈરાદાપૂર્વક શાંતિ મંત્રણા માટે પશ્ચિમ તરફથી મોકલવામાં આવતા ઘણા સંદેશાઓની અવગણના અથવા અવગણના કરી રહ્યા છે. ઘણી વખત ઝેલેન્સ્કી એવી શરતો પણ લાદી રહ્યા છે કે મંત્રણા માટે કોઈ વાતાવરણ ન સર્જાય. આ સિવાય અમેરિકા અનુભવી રહ્યું છે કે ઝેલેન્સકી યુદ્ધને વધુ વધારવા માંગે છે અને તેમાં નાટોને સીધો સામેલ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે.

અમેરિકી રાષ્ટ્રપતિ જો બાયડેન અને તેમની વિશેષ ટીમને આશંકા છે કે ઝેલેન્સકી કોઈપણ સમયે રશિયા સાથે સામ-સામે લડાઈ તરફ દોરી શકે છે, જેના માટે તેઓ હજી તૈયાર નથી. પોલેન્ડમાં મિસાઈલ પડવાની ઘટનાએ બિડેનને ઝેલેન્સ્કીનો વિકલ્પ જલદીથી લાવવાની પ્રેરણા આપી છે.

વોલોડીમિર ઝેલેન્સકીના સ્થાને યુક્રેનના નવા રાષ્ટ્રપતિ માટે તે નામો પર વિચાર કરવામાં આવી રહ્યો છે, જેને યુક્રેનના લોકો સરળતાથી સ્વીકારી શકે છે. હાલમાં, પશ્ચિમી નિષ્ણાતો ઘણા ઉમેદવારોની ચર્ચા કરી રહ્યા છે જેઓ ઝેલેન્સકીને બદલી શકે છેઃ પ્રથમ, યુક્રેનના સશસ્ત્ર દળોના કમાન્ડર-ઈન-ચીફ વેલેરી ઝાલ્જાની, બીજા, યુક્રેનના વર્ખોવના રાડાના ભૂતપૂર્વ અધ્યક્ષ દિમિત્રી રઝુમકોવ અને ત્રીજા, આન્દ્રે એર્માક, રાષ્ટ્રપતિ કાર્યાલયના વડા.યુક્રેનમાં સત્તા પરિવર્તન એ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનનું મહત્વનું લક્ષ?ય રહ્યું છે. ઝેલેન્સકીની વિદાય એ તમામ પક્ષો માટે જીત-જીતની સ્થિતિ બનાવશે. રશિયા પણ શાંતિ મંત્રાણામાં સક્રિયપણે ભાગ લઈ શકશે. જો યુક્રેનને ખેરસનમાં ફાયદો થયો હોય અને ભવિષ્યમાં સુરક્ષાની ખાતરી મળે તો સમજૂતી તરફ આગળ વધવું વધુ સરળ બનશે.

યુરોપ શિયાળામાં ગેસનો પુરવઠો મેળવી શકશે, જે અત્યારે યુરોપિયન દેશો માટે સૌથી જરૂરી છે. જ્યાં સુધી અમેરિકાનો સવાલ છે, અમેરિકાને આ યુદ્ધ શરૂ કરવાનો જે પણ હેતુ હતો તે પૂરો થઈ ગયો છે, તેથી બિડેન હવે ઝેલેન્સકીને હટાવીને તેમનું મિશન પૂર્ણ કરવા માંગે છે.

## ચૂંટણી નો ચકરાવો

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં ઝંઝાવાતી પ્રચાર સર્વ પક્ષીઓ ચાલી રહ્યો છે. આજે કોંગ્રેસ ના રાષ્ટ્રીય પ્રવક્તા આલોક શરમાએ જણાવ્યું છે કે અમારી પાર્ટી ની ૧૨૫ સીટ ગુજરાતમાં આવી શકે છે. જ્યારે આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી જીએ દાહોદમાં વડોદરામાં અને ભાવનગરમાં જાહેર સભાઓ સંબોધીને વિપક્ષ પક આકરા પ્રહારો કરીને સ્થાનિક ઉમેદવારોને બળ પૂરું પાડવાનો પ્રયત્ન કર્યો છે. જ્યારે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે ગઈકાલે બનાસકાંઠાની અંદર ઝંઝાવવાતી તેમના પ્રવચનમાં વિપક્ષને અહમના સ્વભાવથી કોંગ્રેસીયા કહીને સંબોધ્યા હતા અને તેમની ઉપર જણ ૭૦ વર્ષમાં તેમણે કંઈક કર્યું જ ના હોય અને અમે જ કર્યું છે તેવી રાજનીતિના દર્શન સ્થાનિક મતદારોની હાજરીમાં કરાવ્યા હતા. ભાજપ દ્વારા ભાજપ શાસિત પ્રદેશોના અનેક કાર્યકરો રાજનેતાઓ મંત્રીઓ અને દિલ્હીથી નેશનલ મીડિયાની ચેનલોની ટીમોને રક્ષણ આપીને ગુજરાતમાં ઉતારી દેવામાં આવી છે અને રોજે રોજ પ્રદેશ કાર્યાલય મીડિયા સેન્ટર ખાતે જુદા જુદા મંત્રીઓ તેમણે કરેલા પ્રચાર બાબતે પત્રકારોને જુદી જુદી માહિતીઓ આપી રહ્યા છે. દર વખતે જુદા જુદા રાજકીય પક્ષોના પરિણામોના ઓલ જોવા મળે છે પણ આ વખતે બાહ્ય કંઈ દેખાતું નથી પણ આંતરિક રીતે કંઈક જુદો જ મતદારોનો કરંટ પરિણામો ઉપરથી જોવા મળશે તેવું લાગી રહ્યું છે. ભાજપ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીમાં લગભગ ૨૫ થી ૩૦ ટકા જેવા નવા ઉમેદવારોને આ વખતે અજમાવવામાં આવ્યા છે જ્યારે ભાજપે તો જુના જૂથોના ઉંમર વટાવી ગયેલા ઉમેદવારોને પણ ટિકિટ આપીને જીતવા માટેની કોઈપણ કસર બાકી રાખી હોય તેવું દેખાતું નથી તે જ કહી આપે છે કે મતદારોનો આંતરિક કરંટ કંઈક અલગ હોઈ શકે છે. વડોદરાના આમ આદમી પાર્ટીના ઉમેદવાર સેજલ વ્યાસે સ્થાનિક ભારતીય જનતા પાર્ટીના નિયર ને ચૂંટણી પહેલા જ તેમના અહમની કારની હાર આપી હોય તેમ જોવા મળ્યું છે. સેજલ વ્યાસ દ્વારા ઉમેદવારી પત્ર ભરતી વખતે ચલણી સિક્કા દ્વારા પૈસા જમા કરાવવામાં આવ્યા હતા તેની સામે ભાજપના નિયરે વાંધો ઉઠાવીને ચૂંટણી પંચમાં ફરિયાદ કરી હતી પરંતુ તેઓની માગને ચૂંટણી પંચે સ્વીકારી ન હતી અને સેજલ વ્યાસને તેમની ઉમેદવારી ચાલુ રાખીને ભાજપને એક હાચકો આપ્યો છે જે અંગે સેજલ વ્યાસે કહ્યું છે તે સયાજી ગંજ ના મતદારો આ વખતે વિપરીત પરિણામો લાવીને આ સ્થાનિક અહમની રાજનીતિ કરતા લોકોને બતાવી દેશે અને હું તો વાર તહેવારે ભાજપના મેયરનો અનેક પ્રશ્નોમાં સામનો કરતો આવ્યો છું અને તેમાં મને પ્રજાએ સાથ અને સહકાર આપ્યો છે અને મારી હંમેશા જીત થતી આવી છે જેથી હું કોઈ પણ હિસાબે આ વખતે ભાજપને હંફાવી દઈશ તેવું તેમણે જણાવ્યું હતું.

જન ફરિયાદ ન્યુઝ પ્રદીપ રાવલ ગાંધીનગર.

## અમેરિકાના વર્જીનિયામાં ખૂની ખેલ ખેલાયોઃ વૉલમાર્ટ સ્ટોરમાં અંધાધૂંધ ફાયરિંગથી ૧૦થી વધારે લોકોના મોત

વર્જીનિયા,તા.૨૩

અમેરિકાના વર્જીનિયાના ચેસાપીકમાં આવેલા વોલમાર્ટ સ્ટોરમાં સામૂહિક ગોળીબારમાં ૧૦ લોકોના મોતના સમાચાર આવી રહ્યા છે. મીડિયા રિપોર્ટ અનુસાર, કેટલાય લોકો ઘાયલ પણ થયા છે. ફાયરિંગની ઘટનાની જાણ થતાં ચેસાપીક પોલીસે બેટલફીલ્ડ બ્લાવ્ડની સામે આવેલા વોલમાર્ટમાં કથિત રીતે એક્ટિવ શૂટરને પકડવાનો પ્રયાસ કર્યો અને તેના પર ફાયરિંગ પણ કર્યું હતું.ચેસાપીક પોલીસ વિભાગનું કહેવુ છે કે, લગભગ ૧૦ લોકોના મોત થયા છે અને કેટલાય લોકો ઘાયલ થયા છે. પોલીસ ઈમારતમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. પોલીસનું માનવું છે કે, શૂટર ઠાર થયો છે. પણ લોકોને હાલમાં પણ આ સ્ટોરથી દૂર રહેવા કહેવાયુ છે . મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ફાયરિંગની સૂચનાનો કોલ મંગળવારે રાતે ૧૦.૧૨ કલાકે આવ્યો હતો.

### ચાર યુવતીઓએ યુવકનું અપહરણ કર્યું, ગાડીમાં એક પછી એક યુવતીએ હવસ મિટાવી છોડી મુક્યો

જાલંધર,તા.૨૩

પંજાબના જાલંધરમાં ચાર યુવતીઓએ યુવકનું અપહરણ કરીને તેની સાથે દુષ્કર્મ કર્યું અને બાદમાં તેને છોડી મુક્યો હતો. આ ઘટના લેદર કોમ્પ્લેક્ષ રોડની છે. આ સમગ્ર મામલામાં હજૂ સુધી કોઈ પોલીસ ફરિયાદ કરવામાં આવી નથી.પ્રાપ્ત વિગતો અનુસાર, જોઈએ તો, ફેક્ટરીમાં કામ કરનારા યુવકે જણાવ્યું કે, તે બપોરે પોતાના કામેથી ઘરે જઈ રહ્યો હતો. આ દરમિયાન રસ્તા પર એક ગાડી તેની નજીકમાં આવીને ઊભી રહી. તેમાં બેઠેલી ચાર છોકરીઓએ તેને સરનામું પુછ્યું અને તે સરનામું બતાવી રહ્યો હતો, એટલી માટે ચારેય યુવતીઓએ તેને કંઈક સુંઘાડી બેભાન કરી નાખ્યો બાદમાં તેનું અપહરણ કરીને ઉઠાવી લઈ ગઈ.

## મડદાની મુલાકાતે !!!

" એય, કોઇ ચાલાકી નહીં. ચૂપચાપ જેમના તેમ પડયા રહો." મુકાદમ જેવા માણસે બધાને ડારો દીધો. પેલો વાળંદ હજી સુધી ન આવ્યો. સાલી કતલની રાત નહીં પણ કતલના દિવસો છે. દિવસ થોડો ને વેશ ઝાઝા છે!! પૂરા ગણીને ૧૪૩ છે. એમાંથી સિતોતેર પુરૂષો છે. બાકી બાળકો અને બહેનો છે. વાળંદ આવે બધાના બાલદાઢી કરે પછી સમજાવવાનું કામ ચાલુ કરી શકાય. કેવા લઘરવઘર, મુફલિસ, લેમેન દેખાય છે. લેંઘા જેવા દેખાય છે. આવા વેશે સાહેબ પાસે લઇ જઇએ તો રાજ્યનું ભીંડાના ફોડવા જેવું નાક કપાઇ જાય. તમારે આબરૂબાબરૂ ન હોય. અમાર્રાતોરાત સિવિલને નરસિંહ મહેતામાંથી નસ્લી વાડિયા જેવો કોર્પોરેટ લુક અને ટચ આપી શકાય. ચાદર, ઓશીકા , વોટરકુલર બદલી શકાય.પરંતુ , નાકની પ્લાસ્ટિક સર્જરી થોડી કરાવી શકાય. થવાકાળ હતું તે થઇ ગયું હરિને ગમ્યું તે ખરૂ!! માનો કે જિંદગી લકઝુરિયસ અને લેવીસ ન હતી. એટલે મોતને કે મૃતદેહને ગોર્જીયસ થવાનો હક્ક ખરો કે નહીં?? બંધારણે મડદાના મૂળભૂત અધિકારો વિશે નક્કર કે લગીર વિચારણા જ કરી નથી. બંધારણસભાના સભ્યો અમરપટો લખાવીને પૃથ્વી પર અવતાર લીધો હશે?? કદાચ ટુકી દર્ષ્ટિ( ચશ્માની નહીં, બોસ.) હશે!! નહીંતર જીંદગી કે બાદ ભી વિશે પણ આર્ષદર્ષ્ટા બનીને બંધારણમાં એકાદ ચેપ્ટર" મૃતદેહના મૂળભૂત અધિકારો અને ફરજો, મૂળભૂત અધિકારોના ભંગ સબબ મૃતદેહને મળતા બંધારણીય ઉપચારો "પર હેલોઝન ફેંકવાની ગેરબંધારણીય અને ભેજાગેપ ભૂલભૂલૈયા જોગવાઈ કરી દીધી હોત તો કેટલા મૃતદેહોના મૌન,ઠંડા અને ભયાવહ આશાર્વાદ મળ્યા હોત!!!

કેવા કેવા વિચારો આવે છે, પણ વાળંદ આવતો નથી . કયાં ગયો હશે?? ગ્રહણ ટાણે કોબ્રા તે આવું નામ!! વાળંદ આવે એટલે બધા પુરૂષ મૃતદેહના નખ-બગલ,બાલદાઢી , ફેંશિયલ કરાવી લઇએ.જેથી મૃતદેહ પણ દિવ્ય, જાજરમાન અને પરાણે પ્યારા લાગે!! બાલદાઢીનો કાર્યક્રમ પૂરો થાય પછી બધાને સિટિમબાથ, શાવર કરાવી થ્રી-પીસ શુટ પહેરાવી દઇએ, ગુચીના શુઝ પણ પહેરાવી દઇએ. એક નૂર ટાપટીપ હજાર નૂર કપડાં એમ અમસ્તું થોડું કહ્યું હશે??ભલે જીવતેજીવ જલ્સા ન કર્યો હોય મરતે મડદે જલસો કરાવી દઇએ!!! દરેકને પફ પાવડર, રુઝ લગાવી .લિપસ્ટિક પણ લગાવી. તમામ પર સ્પ્રે પણ કર્યું. ચકાચક મડદા, ચકાચક દેશ!

પેલા જબ્બર કંટાળેલા હતા. કાંડે ઘડીયાળ ન હતી, નહીંતર કેટલા વાગ્યાનો તાગ મેળવી શકે. જો કે, હવે તેને ઓફિસ જવાની, દુકાન ખોલવાની જંજટ ન હતી. પછી બાર વાગ્યા હોય કે બે વાગ્યા હોય તેમને શું ફરક પડવાનો હતો !!!" કહે છે કે કોઇ સાહેબ આપણી ખબરઅંતર પૂછવા આવવાના છે. એટલે દીકરીના લગ્નના અવસરની જેમ બધા હાંફળાફાંફળા બની દોડે છે!!કોફિનને પણ ગુલાબી રંગથી રંગી નાંખ્યા.,સીએનજી ભઠી પણ પિંક રંગથી અપ્સરાની જેમ શોભતી હતી!!

અંતે આતુરતાનો અંત આવી ગયો. સાહેબ ગજરાજની જેમ મલપતી ચાલે નવજાત મુડદાનું ક્ષેમકુશળ કાઢવા માટે પહોંચી ગયા.

કોઇ ઓફિસરને પૂછી લીધું કે" કેટલા મતદાર ,સોરી મડદાભાઇ, બહેન . બાળકો છે?? કોઇ આઘાપાછા થયા નથીને?? સામેના ખેમામાં જઇ ખેસ પહેરી લીધો નથીને ?" સાહેબે ઓફિસરને પૂછી લીધું!!

" ના સર, અમે ચાંપતી નજર રાખી છે. બધાના કફનમાં જીપીએસ લગાડી દીધી છે!" પેલા ઓફિસરે કહ્યું .

" હવે કેમ લાગે છે?? ખાવાપીવાની તકલીફ નથી ને??" સાહેબે મડદાઓના ખભા થપથપાવી આત્મીયતાથી પૂછયું!!હેલ્થ ઓફિસરે કહ્યું ," હમણા જ બધાને સેરેલેક અને ફલેવર્ડ દૂધ આપ્યું છે.!"

સાહેબે મડદાને કહ્યું "તમારી આગતાસ્વાગતા અને ખાતિરબરદાસ્તમાં કોઇ કમી રહેશે નહીં. તમને એવી વીઆઇપી ટ્રીટમેન્ટ આપશું કે જીવતા લોકોને મડદા થવાની મુમુર્વિષા થઇ આવશે. કંઇ તકલીફ હોય તો મને પોસ્ટકાર્ડ લખજો!!"

"સાહેબનો જય હો " મુડદાઓએ મોર્ગ ગજવી નાંખ્યું !!

ભરત વૈષ્ણવ

( આ એક હાસ્યલેખ છે. માત્ર હાસ્ય નિષ્પન કરવાનો ઈરાદો છે. કોઇએ બંધબેસતી પાઘડી ન પહેરવા વિનંતી છે)

# અરબો ખરાબોનું ભ્રષ્ટાચાર, ભાઈ ભત્રીજાવાદ, પરિવારવાદ, જાતિવાદ, સંપ્રદાયવાદ આજ કોંગ્રેસની ઓળખ. - વડાપ્રધાન મોદી



**આ ખાખરીયો પટ્ટો કહેવાય. આ એવી પેઢી છે જેણે વધતા ગુજરાતને જોયો છે. આના માટે કાળી મજૂરી કરી છે. એક એક વસ્તુ માટે ઝઝૂમ્યા છે, કુદરતી પ્રકોપ સાથે ગુજરાતને આગળ વધારી છે. આ નવી પેઢીએ ઉજ્વળ ભવિષ્ય માટે ભાજપ સરકાર ફરી લાવવાનો નિર્ણય કર્યો છે. કોલેજ, સોશિયલ મીડિયા માં આ યુવાનો એક જ વાત બોલે છે, ફાયર એક બાર મોદી સરકાર..**

મહેસાણા,તા૨૩

ગુજરાતમાં ચૂંટણી પ્રચારની કમાન પીએમ મોદીએ સંભાળી છે, ત્યારે આજે પીએમ મોદી ગુજરાતના પ્રવાસે છે. તેઓ આજે ગુજરાતના વિવિધ શહેરોમાં ચાર સભા સંબોધી હતી આજે પ્રધાનમંત્રી મહેસાણામાં જનસભા સંબોધી હતી જૈમાં તેમણે આજે મોઢેરા વિશ્વસ્તરે ચમકી રહ્યું છે. યુનાઈટેડ નેશનનાં સેક્રેટરી જનરલ સુર્યમંદિર જોવાની ઈચ્છા વ્યક્ત કરી. આ માટીએ મને મોટો કર્યો, પાણીએ ઘડ્યો છે. મહેસાણા જિલ્લો રાજકીય રીતે જાગૃત બન્યો છે. મહેસાણા જિલ્લો ભવિષ્ય નક્કી કરે છે.

પીએમ મોદીએ કહ્યું, આટલી મોટી સંખ્યામાં જે આશીર્વાદ આપવા આવ્યા એમને પ્રણામ.. દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રમાં ગયો, આજે ઉત્તર ગુજરાતમાં આવ્યો છું. જ્યાં જવાનું થયું, અને ચારેય તરફથી જે સમાચાર મળે છે. એમ લાગે છે આ ચૂંટણી મોદી નહીં.. ના નરેન્દ્ર ના ભૂપેન્દ્ર નથી લડી રહ્યા. આ ચૂંટણી મંચ પર બેઠેલ નહીં પણ ગુજરાતની જનતા લડે છે. યુવાનોને ધ્વજ હાથમાં લીધો છે, માટે બહેનો મેદાને છે એટલે ફિર એકવાર મોદી સરકારનો નારો છે.

પીએમ મોદીએ કહ્યું, માત્ર ગુજરાતમાં નહીં પણ જ્યાં જઉં છું ત્યાં યુવાનો જે રીતે જાહેર જીવનમાં રસ લેતા થાય છે, એણે દેશના ભવિષ્ય માટે નવો વિશ્વાસ પેદા કર્યો છે. દેશની યુવા પેઢી ભાજપનો ઝંડો લઈને નીકળી છે. આંખે પાટા બાંધીને નથી નીકળ્યા, એ બધું જોઈને સમજીને કરે છે.

પીએમ મોદીએ કહ્યું, કોંગ્રેસનું મોડલ શું હતું, એ એમને ખ્યાલ છે. દેશને આગળ લઈ જવા ભાજપની નીતિ, રીતી અને રણનીતિ કામ આવશે એ એમને ખ્યાલ છે. કોંગ્રેસનું મોડલ એમને ખ્યાલ છે. અરબો ખરાબોનું ભ્રષ્ટાચાર, ભાઈ ભત્રીજાવાદ, પરિવારવાદ, જાતિવાદ, સંપ્રદાયવાદ આજ કોંગ્રેસની ઓળખ. પીએમ મોદીએ કહ્યું, કોંગ્રેસે સત્તા માટે ભાગલા પાડોની રાજનીતિ કરી. કોંગ્રેસ મોડલ એટલે પરિવારવાદ, કોંગ્રેસના મોડલે ગુજરાતને બરબાદ કરી દીધું. ગુજરાતના યુવાનોને ભાજપ પર ભરોસો છે. બે દાયકા પહેલાની અને ભાજપની પેઢી જુદી છે. સૌનો સાથ સૌનો વિકાસ ભાજપ સરકારનું સૂત્ર સાર્થક બન્યું. બે દાયકા પહેલાની અને આજની પેઢી જુદી છે. પીએમ મોદીએ કહ્યું, આ જાતિને પેલા સાથે, આ જિલ્લાને પેલા સાથે લડાવો, લોકોને પછાત રાખવાના. ગરીબોને હાથ લાંબા કરીને માગતા રહેવાનું કોંગ્રેસનું મોડલ છે. આ મોડલે ગુજરાતને કર્યું પણ દેશને પણ બરબાદ કર્યું.

પીએમ મોદીએ જણાવ્યું કે, ભાજપ એવી પાર્ટી છે જેના માટે વ્યક્તિ કરતા પક્ષ અને પક્ષ કરતા દેશ મહાન. ભાજપનો મંત્ર છે સૌનો સાથે સૌનો વિકાસ. આ દેશના યુવાનને એટલે જ ભાજપ પર વિશ્વાસ છે. દેશના યુવાનોમાં નવા સપના છે. ૨૦ વર્ષમાં નવી પેઢી બદલાઈ ગઈ, આજની પેઢી જુદી છે. આજે ૨૦, ૨૫ વર્ષના જે છે એમને ખ્યાલ જ નથી કે આ ગુજરાતમાં કેવા અભાવ અને દુષ્કાળના દિવસ હતા. મોદીએ કહ્યું, આ ખાખરીયો પટ્ટો કહેવાય. આ એવી પેઢી છે જેણે વધતા ગુજરાતને જોયો છે. આના માટે કાળી મજૂરી કરી છે. એક એક વસ્તુ માટે ઝઝૂમ્યા છે, કુદરતી પ્રકોપ સાથે ગુજરાતને આગળ વધારી છે. આ નવી પેઢીએ ઉજ્વળ ભવિષ્ય માટે ભાજપ સરકાર ફરી લાવવાનો નિર્ણય કર્યો છે. કોલેજ, સોશિયલ મીડિયા માં આ યુવાનો એક જ વાત બોલે છે, ફાયર એક બાર મોદી સરકાર..

પીએમ મોદીએ કહ્યું, ભૂતકાળમાં ચૂંટણી થાય તો વીજળી, પાણીની વાત થાય. વીજળી, પાણી મુદ્દે સરકારમાં બેઠેલા મોં છુપાવે. કોંગ્રેસ હોય તો ભ્રષ્ટાચાર અને વીજળી, પાણીની અછતની વાત હોય. ૨૦ વર્ષમાં જે કામ કર્યા આપણે એના કારણે આજે વીજળી અને પાણીનો પ્રશ્ન એ નથી પૂછી શકતા. વિધાનસભામાં પૂછવા માટે સવાલ નથી રહ્યા. ગુજરાતની એક એક સમસ્યા દૂર કરતા કરતા આજે અહીં પહોંચ્યા છીએ.

પીએમ મોદીએ કહ્યું, આજે ઉદ્યોગ, મૂડીરોકાણ આવે છે, ત્યારે વીજળી અને પાણીનું જે કામ કર્યું એનું પરિણામ. જીવણ દાદા, કિસાન સંઘ જીવનભર વીજળી માટે લડ્યું. એ વખતે કોંગ્રેસે વીજળીને બદલે ગોળીઓ દીધી, એ દિવસ તમને ખ્યાલ નહિ હોય, આ કોંગ્રેસનું મોડલ હતું. કોંગ્રેસના રાજમાં લોકો વીજળીના કનેક્શન માગતા. ઠેર ઠેર ડાર્ક ઝોન, પાણી અને વીજળીનું મહાસંકટ. ૨૨ વર્ષ પહેલાં પાવર સેક્ટરમાં જ્યોતિગ્રામ યોજના લાવ્યા.

પીએમ મોદીના ભાષણ દરમિયાન એક સિક્યોરિટીનાં બેન પડી ગયા, એમને પાણી આપીને બેસાડવાની વાત પીએમ મોદીએ સ્ટેજ પરથી કરી હતી. અને કહ્યું, બેન ભાનમાં જ છે, કોઈ ચિંતા જેવું હાલ નથી. પીએમ મોદીએ કહ્યું, ૨૦ વર્ષ પહેલાં ૫૫ લાખ કનેક્શન આજે વધીને ૨ કરોડ કરતાં વધુ થયા. ખેતરમાં વીજ કનેક્શન ૫ લાખ હતા. આજે ૨૦ લાખ છે. ૫૫ મેગા વોટથી આપણે ૧૭ હજાર મેગા વોટ સુધી પહોંચ્યા. અંધકાર યુગથી પ્રકાશ યુગમાં આપણે આવ્યા. સૂર્ય શક્તિથી ૨૦ વર્ષ પહેલાં ક્યાંય વીજ નહોતી મળતી, આજે હરણફાળ સ્થિતમાં છીએ. ૧૦ હજાર મેગા વોટ વીજ પવન ઊર્જાથી મળે છે. આજે પાણીથી વીજળી ૮૦૦ મેગા વોટ પર પહોંચ્યા. પીએમ મોદીએ કહ્યું, સોલાર રૂફ ટોપમા રાજ્ય આજે પ્રથમ છે. આજે તમે તમારા ઘરમાં વીજળી પેદા કરી વેચી શકો ત્યાં સુધી આપણે પહોંચ્યા છીએ. વીજળી ક્ષેત્રે હરણફાળ ભરી એણે ગુજરાતને ઊર્જા આપી, તેજસ્વી બનાવ્યું.

આજે જે નેતાઓ ભાષણ કરે છે એમને ઉકેલ કાગળ પર લખતા નાં આવડે. અઠવાડિયામાં એકવાર નળમાં પાણી આવે એટલે એમ થાય કે આજે દિવાળી છે. પાણી એટલું ખરાબ હતું, ઉત્તર ગુજરાતમાં બધાના દાંતમાં ડાઘ હોય, જુવાનીમાં હાડકા નરમ થઈ જાય આ સ્થિતિમાંથી આપણે બધાને બહાર લાવ્યા.

પીએમ મોદીએ કહ્યું, ઊંઝા હવે ધમધમી રહ્યું છે. કપાસ અને મગફળીની રેકોર્ડ બ્રેક કિંમત છે. દૂધના ચિલિંગ પ્લાન્ટ નહોતા, વીજળી નહોતી, પણ વીજળી આપી, એટલે આજે દૂધનો ભરાવો થયો. પશુઓની પણ અને ચિંતા કરી. અમે વોટના ભૂખ્યા નથી, પશુ વોટ ના આપે પણ અમે એની પણ ચિંતા કરી, ૧૪ હજાર કરોડનું બજેટ ખર્ચીને પશુને રસી અપાઈ રહી છે. પશુ પાલકને બેંકમાંથી લોન મળે એની ચિંતા આપણે કરી.

પીએમ મોદીએ કહ્યું, ઊંઝા ઉમિયા માતાના ધામમાં ગયો, ખૂબ ઠપકો આપ્યો. રાજકારણમાં કોઈ એવું કહે નહીં પણ તમે મને શીખવાડ્યું. આજે ઊંઝાએ મારી વાત માની દીકરા બરોબર દીકરીઓ આજે જનમે છે. ૧૨ લાખ કરતાં વધુ બહેનો પશુપાલન સાથે જોડાયેલી છે. એમના પૈસા સીધા ખાતામાં જાય છે. બહેનોમાં સામર્થ્ય આવ્યું. આજે ડેરીના વહીવટમાં મહિલાઓ ભાગીદાર છે.

પીએમ મોદીએ કહ્યું, આગામી ૨૫ વર્ષમાં મહેસાણા અને ગુજરાત આત્મનિર્ભર બને. ૧૯૩૦માં અંગ્રેજોએ મહેસાણાથી આબુ રોડ બનાવ્યો, ૧૦૦ વર્ષથી કોઈને ફાઈલ શોધવાનો સમય નાં મળ્યો. આજે અંબાજીથી તારંગાની નવી લાઈન નાખી. મહેસાણા આટો મારો, શું નથી અહીં? વિકાસ માટે સમૃદ્ધ ક્ષેત્ર ઊભા થયા છે. તમારા આશીર્વાદ મને તાકાત આપે છે.

## ડેઈલી માર્કેટ રિપોર્ટ

# ક્રૂડ તેલના વાયદાના ભાવમાં બેરલદીઠ રૂ.૧૮૯ની નરમાઈ: નેચરલ ગેસમાં સુધારો

## સોનાનો વાયદો રૂ.૪૫ અને ચાંદીનો વાયદો રૂ.૫૫૩ વધ્યો: કોટનમાં રૂ.૮૦ની વૃદ્ધિ: મેન્થા તેલ ઢીલુ: પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૨૫૦૪ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧૬૪૩૬ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ.૩૪ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં બુધવારે પ્રથમ સત્ર સુધીમાં ૩,૪૧,૧૪૯ સોદાઓમાં કુલ રૂ.૨૮,૯૭૪.૧૦ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧૨૫૦૪.૨૩ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૬૪૩૬.૩૭ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૧,૧૮,૪૭૪ સોદાઓમાં કુલ રૂ.૫,૮૮૪.૧૪ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૨,૩૪૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૨,૪૭૨ અને નીચામાં રૂ.૫૨,૧૬૪ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૫ વધી રૂ.૫૨,૩૩૪ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની નવેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૭૧ વધી રૂ.૪૨,૪૦૧ અને ગોલ્ડ-પેટલ નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૦ ઘટી રૂ.૫,૧૬૯ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૨,૦૦૦ના ભાવે ખૂલી, રૂ.૬ વધી રૂ.૫૨,૧૬૭ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૧,૧૨૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૧,૬૯૪ અને નીચામાં રૂ.૬૦,૮૫૫ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૫૩ વધી રૂ.૬૧,૫૩૯ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૩૦૫ વધી રૂ.૬૧,૪૮૫ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્રેન ક્ટ રૂ.૪૧૨ વધી રૂ.૬૧,૫૬૫ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૭,૬૬૧ સોદાઓમાં રૂ.૨,૬૪૦.૬૮ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ નવેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૨.૮૫ ઘટી રૂ.૨૦૬.૯૦ અને જસત નવેમ્બર વાયદો રૂ.૦.૩૦ ઘટી રૂ.૨૬૦ના ભાવ થયા હતા. આ સામે તાંબુ નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૦ ઘટી રૂ.૬૬૮.૫૦ તેમ જ સીસું નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૫૫ વધી રૂ.૧૮૨ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૪૮,૦૨૦ સોદાઓમાં કુલ રૂ.૩,૮૯૮.૮૨ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ડિસેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૬૭૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૭૩૪ અને નીચામાં રૂ.૬,૫૦૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૧૮૯ ઘટી રૂ.૬,૫૩૧ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ નવેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૪૯.૩૦ વધી રૂ.૫૯૬.૮૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧,૦૬૯ સોદાઓમાં રૂ.૮૦.૫૯ કરોડનાં કામકાજ થયા હતા. કોટન નવેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૧,૮૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૨,૦૮૦ અને નીચામાં રૂ.૩૧,૨૪૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮૦ વધી રૂ.૩૧,૯૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૯.૨૦ ઘટી રૂ.૯૪૭.૧૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૨૮૦.૪૩ કરોડનાં ૪,૩૫૩.૫૮૨ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૩,૬૦૩.૭૧ કરોડનાં ૫૮૨.૧૮૮ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧,૨૪૭.૩૩ કરોડનાં ૧૮,૮૧,૫૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૨,૬૫૧ કરોડનાં ૪૩૫૦૦૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૬૪.૫૧ કરોડનાં ૨૦૫૭૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૧૬.૦૮ કરોડનાં ૧૬૭.૭૬ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૬૧૮.૦૮૯ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૨૮.૪૯૩ ટન, ક્રૂડ તેલમાં ૧૨૯૧૨૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧૫૬૭૭૫૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૧૦૧૧૭૫ ગાંસડી, મેન્થા તેલમાં ૪૫૯ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૩૩.૫૦ કરોડનાં ૪૬૦ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ નવેમ્બર વાયદો ૧૪,૫૪૧ના સ્તરે ખૂલી, ૩૬ પોઈન્ટ વધી ૧૪,૫૮૧ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૬,૪૩૬.૩૭ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૮૧૫.૩૫ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭૦૫.૫૩ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭,૨૬૩.૪૯ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬,૬૫૨ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૪૧૧.૦૬ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૦૮ ખૂલી, ઊપરમાં રૂ.૨૪૦ અને નીચામાં રૂ.૧૭૫ રહી, અંતે રૂ.૪૬.૯૦ ઘટી રૂ.૧૮૨.૫૦ થયો હતો.

જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨ ખૂલી, ઊપરમાં રૂ.૧૦.૨૫ અને નીચામાં રૂ.૦.૭૫ રહી, અંતે રૂ.૬.૪૫ વધી રૂ.૮.૧૫ થયો હતો. સોનું નવેમ્બર રૂ.૫૩,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૭.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૧.૫૦ અને નીચામાં રૂ.૨.૫૦ રહી, અંતે કોઈ ફેરફાર વગર રૂ.૮.૫૦ થયો હતો. ચાંદી નવેમ્બર રૂ.૬૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨૬૧.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૯૦ અને નીચામાં રૂ.૦.૫૦ રહી, અંતે રૂ.૧૧૧ વધી રૂ.૨૫૬ થયો હતો. સોનું-મિની નવેમ્બર રૂ.૫૩,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨ ખૂલી, ઊપરમાં રૂ.૧૩ અને નીચામાં રૂ.૬.૫૦ રહી, અંતે રૂ.૨.૫૦ ઘટી રૂ.૯.૫૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ડિસેમ્બર રૂ.૬,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૬૪ ખૂલી, ઊપરમાં રૂ.૩૫૨.૮૦ અને નીચામાં રૂ.૨૪૪ રહી, અંતે રૂ.૯૩.૮૦ વધી રૂ.૩૩૭.૪૦ થયો હતો.

## જો આપની પાસે EPIC ( ચુંટણી ઓળખપત્ર) નથી તો પણ આપ મતદાન કરી શકો છો.

અખબાર યાદી ૨૩-૧૧-૨૦૨૨

આપણે જાણીએ છીએ કે કોઈ પણ ચુંટણીમાં મતદાન માટે મતદાન ઓળખપત્ર જરૂરી છે. આપ ઓળખપત્ર લઈને જાઓ અને મત આપવા મળે. પણ જો આપની પાસે મતદાન ઓળખપત્ર નથી અને મતદાન યાદીમાં આપનું નામ છે તો આપ મત આપી શકો છો.

હાલની ગુજરાતની તમામ પરિસ્થિતિને ધ્યાને રાખી ચુંટણીપંચ દ્વારા આદેશ કરાયો છે કે આગમિચુંતની દરમિયાન મતદાન માટે મતદારને ફોટો ઓળખપત્ર આપવામાં આવ્યા છે , તે તમામ મતદારો તેમનો મત આપતા પહેલા મતદાન મથકે પોતાની ઓળખ માટે મતદાર ફોટો ઓળખપત્ર રજૂ કરવાના રહેશે.

જે મતદાર ફોટો ઓળખપત્ર રજૂ ન કરી શકે તેવા માતદરો તેમની ઓળખ પ્રસ્થાપિત કરવા માટે નીચેના પૈકી કોઈ પણ એક દસ્તાવેજ રજુ કરી મત આપી શકશે.

૧. આધાર કાર્ડ

૨. મનરેગા હેઠળ આપવામાં આવતા જોબકર્ડ

૩. બેંક/પોસ્ટ ઓફિસ તરફથી આપવામાં આવતી ફોટોગ્રાફ સાથેની પાસબુક

૪. શ્રમ મંત્રાલયની યોજના અન્વયે આપવામાં આવેલી હેલ્થ ઈનસ્યોરન્સ સ્માર્ટ કાર્ડ

૫. ડ્રાઈવિંગ લાઈસન્સ

૬. પાનકાર્ડ

૭. એનપીઆર (national population register) અન્વયે આરજીઆઇ દ્વારા આપવામાં આવતા સ્માર્ટ કાર્ડ

૮. ભારતીય પાસપોર્ટ

૯. ફોટોગ્રાફ સાથેના પેન્શન ડોક્યુમેન્ટ

૧૦. કેન્દ્ર / રાજ્ય સરકાર / જાહેર ક્ષેત્ર ઉપક્રમો / જાહેર લિમિ. કંપનીઓને ઈસ્યુ કરેલા ફોટોગ્રાફ સાથેના સર્વિસ ઓળખપત્રો

૧૧. સાંસદ સભ્યો /ધારાસભ્યો/ વિધાન પરિષદના સભ્યોને ઈસ્યુ કરાયેલા સરકારી ઓળખપત્રો

૧૨. Unique disability ID (UDID) card, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય , ભારત સરકાર

તો આ વર્ષે ચુંટણીમાં ઓળખપત્ર નથી એવા બહાને અવગણી અવશ્ય મતદાન કરવા જઈ પોતાની અમૂલ્ય મત આપીએ.

## એનીમલ હેલ્પલાઈન દ્વારા "ગૌ આધારીત ઉધમિતા અને ગ્રામીણ વિકાસમાં આપણા બધાનું યોગદાન" વિષય પર વાર્તાલાપનું ગુરૂવારે આયોજન



**ડો. વલ્લભભાઈ કથીરીયા(પૂર્વ અધ્યક્ષ, રાષ્ટ્રીય કામધેનુ આયોગ), ડો. કમલ તાવરી (આઈ.એ.એસ.,લેખક), ઈરમલ માર્લા (જર્મની), ગીરીશભાઈ શાહ (એનિમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયા) માર્ગદર્શન આપશે, સૌને જોડાવા જાહેર આમંત્રણ**

**વિજયભાઈ બોરીચા (શ્રી ક્રિષ્ના ગીર ગૌધામ–મવડી)નો સુંદર સહયોગ**

શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનીમલ હેલ્પલાઈન, રાજકોટ દ્વારા વખતોવખત જીવદયા, ગૌસેવા, માનવતા અને અન્ય સેવાકીય પ્રવૃતિઓ ઉપર નિષ્ણાંતોને આમંત્રીત કરી આંતરરાષ્ટ્રીય કક્ષાના વેબીનાર તથા વાર્તાલાપ, જીવદયા સંમેલનોનું આયોજનો કરાય છે. આ શૃંખલામાં 'ગૌ આધારીત ઉધમિતા અને ગ્રામીણ વિકાસમાં આપણા બધાનું યોગદાન'' વિષય પર વાર્તાલાપનું આયોજન તા.૨૪/૧૧/૨૦૨૨, ગુરૂવાર સાંજે ૮-૦૦ ક્લાકેથી શ્રી ક્રિષ્ના ગીર ગૌધામે મવડી પાળ રોડ, ટીલાળા ચોક નવો ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ વાર્તાલાપમાં મુખ્ય વકતા તરીકે ડો. વલ્લભભાઈ કથીરીયા(પૂર્વ અધ્યક્ષ, રાષ્ટ્રીય કામધેનુ આયોગ), ડો. કમલ તાવરી (આઈ.એ.એસ.,લેખક), ઈરમલ માર્લા (જર્મની), ગીરીરાભાઈ શાહ (એનિમલ વેલફેર બોર્ડ ઓફ ઈન્ડિયા) પોતાનું અનુભવ સિધ્ધ માર્ગદશન, તકનીકી કૌશલ્ય અંગે સૌને માર્ગદર્શન આપશે. આ કાર્યક્રમમાં સૌને ઉપસ્થિત રહેવા જાહેર આમંત્રણ અપાયું છે.

આ કાર્યક્રમને વિજયભાઈ બોરીચા (શ્રી ક્રિષ્ના ગીર ગૌધામ–ધવડી)નો સુંદર સહયોગ પ્રાપ્ત થયો છે.

આ કાર્યક્રમમાં ભરતભાઈ પરસાણા, હિરેનભાઈ હાપલીયા, પ્રફુલભાઈ નાયક, વી.પી. વૈષ્ણવ, પૂ. રાધે ભારતી માતાજી, પાર્થભાઈ ગણાત્રા, ચંદ્રકાંતભાઈ શેઠ, રમેશભાઈ રૂપારેલીયા, બાલાભાઈ અક્બરી, કિશનભાઈ દવે, ડો. પ્રભુદાસ તન્ના, કાંતિભાઈ તન્ના, કાંતિભાઈ પટેલ, ધર્મેશભાઈ પારેખ, ચંદ્રેશભાઈ પટેલ, વિજયભાઈ ડોબરીયા, હેમલભાઈ દોશી, દિલીપભાઈ સખીયા, વિજયભાઈ બોરીચા, વર્ધમાન યુવક ગ્રુપ, અર્હમ યુવા સેવા ગ્રુપ, ડી.વી. મહેતા, જય મહેતા, કલ્પકભાઈ મણીયાર, જીવદયા ગ્રુપ, ડો. રશ્મિકાંત મોદી, દીલીપભાઈ સોમૈયા, અશોકભાઈ સેજપાલ, કૃષ્ણકાંતભાઈ ધોળકીયા, સંઘ ગૌ સેવામાંથી, દિલીપભાઈ તંતી, કુમારપાળ શાહ, ચંદુભાઈ રાયચુરા, ડેનીસ આડેસરા, જૂથરાભાઈ બગડાઈ, પુજાબેન પટેલ, દિપકભાઈ કારીયા, જયદીપભાઈ વોરા, હેમલભાઈ મહેતા, ભરતભાઈ ભીમાણી, મનીશભાઈ ભટ્ટ , યોગેશભાઈ પાંચાણી, અર્જુનભાઈ દાસાણી, અમીતભાઈ સંઘવી, ભરતભાઈ મહેતા સહિતના મહાનુભાવોનું સાનિધ્ય રહેશે. ×ગૌ આધારીત ઉધમિતા અને ગ્રામીણ વિકાસમાં આપણા બધાનું યોગદાન× અંગેના કાર્યક્રમ અંગેની વિશેષ માહિતી માટે મિતલ ખેતાણી મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯ તથા રમેશભાઈ ઠકકર મો. નં. ૯૯૦૯૯ ૭૧૧૧૬ પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ એનીમલ હેલ્પલાઇન રાજકોટના મિતલ ખેતાણી, પ્રતિક સંઘાણી, ઘનશ્યામભાઈ ઠકકર, રમેશભાઈ ઠકકર, ધિરેન્દ્ર કાનાબાર, રજનીભાઈ પટેલ, એડવોકેટ કમલેશભાઈ શાહ, વિષ્ણુભાઈ ભરાડ, ગૌરાંગભાઈ ઠક્કર, પારસભાઈ મહેતા સહિતની ટીમ જહેમત ઉઠાવી રહી છે.



# ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ભાજપાના ઉમેદવાર રીટાબેન પટેલના સમર્થનમાં પેથાપુર ખાતે કેન્દ્રીય મંત્રીશ્રી ગજેન્દ્રસિંહ શેખાવતે જાહેરસભા સંબોધી હતી

**ગુજરાતની જનતાએ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહના રૂપમાં દેશને બે સિંહ આપ્યા છે.**
**-શ્રી ગજેન્દ્રસિંહ શેખાવત**
**આજે ગુજરાત વિકાસ, શાંતિ, સલામતીનો પર્યાય છે.**
**-શ્રી ગજેન્દ્રસિંહ શેખાવત**
**મોદી સરકાર દ્વારા કલમ ૩૭૦ નાબૂદ કરાતા વિદ્યાર્થીકાળથી જ જહાં હુએ બલિદાન મુખર્જી, વોં કાશ્મીર હમારા હૈ, જો કાશ્મીર હમારા હૈ વોં સારે કા સારા હૈ ના નારા લગાવનાર મારા જેવા એનેક વ્યક્તિઓ અને દેશના કરોડો નાગરિકોની ઈચ્છા પરિપૂર્ણ થઈ છે.**
**-શ્રી ગજેન્દ્રસિંહ શેખાવત**
**કોંગ્રેસના શાસનમાં ગુંડાઓ, માફિયાઓથી ત્રસ્ત ગુજરાત, રમખાણો, કરફ્યુ અને અરાજકતાના દિવસોમાં જીવતું ગુજરાત પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ભાજપાના શાસનમાં દેશમાં વિકાસની બાબતમાં નંબર ૧ બન્યું છે.**
**-શ્રી ગજેન્દ્રસિંહ શેખાવત**
**પ્રસિદ્ધ ગાયિકા અને ગુજરાતનું ગૌરવ એવા ઐશ્વર્યા મજમુદારે આ પ્રસંગે શ્રોતાગણને મધુર આવાજ ગીત ગાઈને મનોરંજન પૂરું પાડ્યું.**







ગાંધીનગર ,

ગુજરાત વિધાનસભા ચૂંટણીના જૂજ દિવસો બાકી રહ્યા છે ત્યારે તા.૨૨ નવેનબર ૨૦૨૨, મંગળવારે કેન્દ્રીય મંત્રીશ્રી ગજેન્દ્રસિંહ શેખાવતે ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ભાજપાના ઉમેદવાર રીટાબેન પટેલના સમર્થનમાં પેથાપુર ખાતે જાહેરસભાને સંબોધન કર્યું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતની જનતાએ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહના રૂપમાં દેશને બે સિંહ આપ્યા છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કાશ્મીરમાંથી કલમ ૩૭૦ નાબૂદ કરવાનો ઐતિહાસિક નિર્ણય લઈ કાશ્મીરને સાચા અર્થમાં ભારત સાથે જોડયું છે. કિશોરાવસ્થામાં વિદ્યાર્થીકાળથી જ જહાં હુએ બલિદાન મુખર્જી, વોં કાશ્મીર હમારા હૈ, જો કાશ્મીર હમારા હૈ વોં સારે કા સારા હૈ ના નારા લગાવનાર મારા જેવા એનેક વ્યક્તિઓ અને દેશના કરોડો નાગરિકોની ઈચ્છા પરિપૂર્ણ થઈ છે. આજે અયોધ્યામાં દેશના કરોડો નાગરિકોની આસ્થા જે હતી તે ભવ્ય રામમંદિરનું નિર્માણ થઈ રહ્યું છે.

ગુજરાતનું વિકાસ મોડલ અન્ય રાજ્યો માટે પ્રેરણારૂપ છે. કોંગ્રેસના શાસનમાં ગુંડાઓ, માફિયાઓથી ત્રાસ્ત ગુજરાત, રમખાણો, કરફ્યુ અને અરાજકતાના દિવસોમાં જીવતું ગુજરાત પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને ભાજપાના શાસનમાં દેશમાં વિકાસની બાબતમાં નંબર ૧ બન્યું છે. આજે ગુજરાત વિકાસ, શાંતિ, સલામતીનો પર્યાય છે. ગુજરાતના સપૂત પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને વિકાસમાં અગ્રેસર બનાવ્યું અને આજે જનતાના આશીર્વાદથી સમગ્ર ભારતને વિકસિત કરી રહ્યા છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીમાં નેતૃત્વમાં કોરોના સામે રક્ષણ માટે ૨૩૦ કરોડ વેકસીનના ડોઝ વિનામૂલ્યે આપવામાં આવ્યા છે, દેશના ૮૦ કરોડ નાગરિકોને ૨ વર્ષથી વિનામૂલ્યે ૫ કિલો અનાજ મળી રહ્યું છે. આ ઉપરાંત દેશનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર આધુનિક બની રહ્યું છે, રોડ રસ્તાનું નેટવર્ક ઐતિહાસિક ગતિથી વધી રહ્યું છે, ૧૦ કરોડ શૌચાલય, ૯ કરોડ ગેસ કનેક્શન, ૪૦ કરોડ બેંક ખાતા, આયુષમાન ભારત સહિતના કામો સિવાય જનકલ્યાણની અનેક યોજનાઓ અમલી બની છે.

ગુજરાત સમગ્ર દેશ માટે વિકાસનું મોડેલ છે, ગુજરાતને દેશ અને વિશ્વમાં અગ્રેસર બનાવનાર શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશના પ્રધાનમંત્રી છે ત્યારે ગુજરાતમાં ભાજપાને પ્રચંડ વિજય મળશે તે સુનિશ્ચિત છે. શ્રી શેખાવતે ભાજપાના ઉમેદવાર શ્રીમતી રીટા પટેલને વોટ આપી વિકાસની રાજનીતિને આગળ વધારવા, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના હાથ વધારે મજબૂત કરવા ગાંધીનગરની જનતાને આહવાન કર્યું હતું. આ પ્રસંગે ભાજપાના ઉમેદવાર શ્રીમતી રીટાબેન પટેલ ઉપરાંત શહેર ભાજપ પ્રમુખશ્રી ઋચિર ભટ્ટ, મેયરશ્રી હિતેશ મકવાણા, ડે. મેયર પ્રેમલસિંહ ગોલ, ઈન્ચાર્જશ્રી મહેન્દ્રસિંહ રાણા, મહામંત્રીશ્રી કનુભાઈ દેસાઈ, ગૌરાંગ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, પૂર્વ ધારાસભ્યશ્રી અશોક પટેલ, સિનિયર અગ્રણીશ્રીઓ, સંગઠનના હોદ્દેદારો, ચૂંટાયેલા સભ્યો, કાર્યકર્તાઓ, શુભેચ્છકો, સમર્થકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રસિદ્ધ ગાયિકા અને ગુજરાતનું ગૌરવ એવા ઐશ્વર્યા મજમુદારે આ પ્રસંગે શ્રોતાગણને મધુર આવાજ ગીત ગાઈને મનોરંજન પૂરું પાડ્યું હતું.

# ધોરણ. ૬ થી ૯,ના વિદ્યાર્થી ઓને પુસ્તક વિતરણ





'બાળકોમાં લીડરશીપ ડેવલોપ કરવા અને પોતાના વ્યક્તિત્વ નિખારવા માટેની તાલીમના આશયથી..' આજરોજ,તા.૨૩/૧૧/૨૦૨૨ના રોજ ધોરણ ૬ થી ધોરણ ૯ સુધીના બાળકો માટે સામાજિક, ભાવનાત્મક શિક્ષણનો અભ્યાસક્રમ, શૈક્ષણિક કૌશલ્યો ,વર્ગખંડમાં અભ્યાસક્રમ કે જે હાલના સમયપત્રકમાં એકીકૃત થઈ શકે અથવા તેની જાતે શીખવવામાં આવે તે અંતર્ગત શ્રી વીરપુર કેળવણી મંડળ સંચાલિત દેસાઈ સી.એમ. હાઈસ્કૂલ, વીરપુરમાં લાયન્સ ક્વિસ્ટ ઈન ઇન્ડિયા ફાઉન્ડેશન દ્વારા, ડ્રિસ્ટ્રિક્ટ ૩૨૩૨-મ૧ દ્વા ૮૦૦ પુસ્તક સેટ ના વિતરણનું આયોજન કરવામાં આવીયું.

શ્રી વિરપુર કેળવણી મંડળના પ્રમુખ શ્રી ભુપેન્દ્રભાઈ મહેતા સાહેબ, કેળવણી મંડળના મંત્રી શ્રી દિલીપભાઈ શુક્લ સાહેબ, શ્રી ભરતભાઈ શેઠ , શ્રીમતી રૂપાબેન શાહ (ડાયરેક્ટ લાયન્સ ક્વિસ્ટ) ,શ્રી પ્રદીપભાઈ શેઠ, શાળાના આચાર્ય શ્રી કે. બી.પટેલ, શિક્ષક મિત્રો અને વિશાળ સંખ્યામાં ઉપસ્થિત શાળાના વિદ્યાર્થીઓની હાજરીમાં યોજાયો.

મુખ્ય દાતાક્ષી વીરપુર ગામના સુપુત્ર ક્ષીમાન ભરતભાઈ શેઠ , કવેસ્ટ ડાયરેક્ટર ક્ષીમતી રુપાબેન શાહ તથા ઉમેશભાઈ કોટિયા છે .

# મહુવા તાલુકાનાં કુંભણ ખાતે મતદાતા જાગૃતિ સાયકલ રેલી નું આયોજન કરવામાં આવ્યું



મહુવા તાલુકાની કુંભણ કેન્દ્રવર્તી શાળા અને કન્યા શાળાના સંયુક્ત ઉપક્રમે મતદાતા જાગૃતિ સાયકલ રેલીનું આયોજન થયું. તેમાં ધોરણ છ થી આઠ ના ૧૦૪ ભાઈઓ - બહેનો અને ૨૨ જેટલા ગામના જાગૃત યુવાનો જોડાયા હતા.

કાર્યક્રમ દરમિયાન કુંભણના ઈનોવેટિવ અને જિલ્લા કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક રમેશભાઈ બારડ એ 'મતદાન એ આપણી સામાજિક જવાબદારી છ' , 'યુવા શક્તિના છે ત્રણ કામ શિક્ષણ સેવા અને મતદાન', 'દેશના વિકાસ માટે મતદાન', 'મારો મત મારું ભવિષ્ય' જેવા સૂત્રો બોલાવી ગામના યુવાનોને બહોળી સંખ્યામાં મતદાન કરવા અપીલ કરી હતી. કુંભણ ગામના બી.એલ.ઓ રણછોડભાઈ જાની, જય ભાઈ જોષી, વિશાલભાઈ પોપટાણી અને રમેશભાઈ બારડ સાયકલ રેલીમાં જોડાયા હતા. સાયકલ રેલી કુમારશાળા, કન્યા શાળા, પ્લોટ વિસ્તાર, રામાપીરના મંદિરે, ચાર ચોક, હનુમાનજીના મંદિરે, તેમજ મેઈન બજારમાંથી પસાર થઈ હતી.

આ 'અવસર લોકશાહી' નો ચુંટણી પંચ દ્વારા ઉજવણી થઈ રહી છે.

# કુંવરજીભાઈ કોંગ્રેસમાં ખોટા છે, આ મટીરીયલ ભાજપનું છે' : અમિત શાહ

જસદણ,તા.૨૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપના સ્ટાર પ્રચારકો રાજ્યમાં સભાઓ ગજવી રહ્યા છે. ત્યારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ રાજકોટના જસદણ ખાતે જાહેરસભા યોજી રહ્યા છે. કુંવરજી બાવળિયા માટે અમિત શાહ સભા સંબોધી રહ્યા છે.

અમિત શાહે જસદણમાં જણાવ્યું હતું કે, મારા જીગરના ટુકડા જેવા યુવા મિત્રો...જસદણ સભાની સીટ નથી જસદણ કુંવરજીભાઇના કામની સીટ છે. કુંવરજીભાઇ વિધાનસભામાં પ્રશ્નો રજૂ કરતા ત્યારે કહ્યું આ કુંવરજીભાઇ કોંગ્રેસમાં ખોટા છે, આ મટીરીયલ ભાજપનું છે.

અમિત શાહે કોંગ્રેસ પર પ્રહારો કરતા જણાવ્યું હતું કે, અનેક વર્ષો સુધી કોંગ્રેસીયાઓએ સાસન કર્યું. રાજકોટની ધરતી પર છું, મેં જોયું છે કે રાજકોટમાં બે બે ફૂટ ખાડામાંથી પાણી ભરવું પડતું હતું. ભાજપે સૌરાષ્ટ્રની પાણીની સમસ્યા દૂર કરી.

અમિત શાહે જણાવ્યું કે, કોંગ્રેસના વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ નર્મદા ડેમનું ઓપનિંગ કર્યું હતું. હવે અહીં સુધી પાણી પહોંચ્યું. કોંગ્રેસીયાઓને પૂછવા માંગુ છું કે, સૌરાષ્ટ્રમાં પાણી આટલા સમય કેમ ન પહોંચ્યું? તેની પાછળ કોણ જવાબદાર છે? નર્મદા યોજનાને કોંગ્રેસે રોકી. પરંતુ નરેન્દ્રભાઈએ આમરણ ઉપવાસ પર ઉતરવું પડ્યું હતું અને મનમોહનસિંહ સરકારે ઝુકવું પડ્યું હતું.

મેધા પટકર મુદ્દે અમિત શાહે જણાવ્યું હતું કે, ગુજરાત ચૂંટણી સમયે જ રાહુલ બાબા મેધા પાટકરને ભારત જોડો યાત્રામાં સાથે લઈને નિકળ્યા છે. ગુજરાતની જનતાના ઘા પર મીઠું ભભરાવ્યુ છે. અરવિંદ કેજરીવાલે તો આ ગુજરાત વિરોધી મેધા પાટકરને ૨૦૧૪માં ઝાડુના નિશાન પર ટીકીટ આપી હતી. જોકે કેજરીવાલ એટલા સમજુ કે ગુજરાત ચૂંટણીમાં તેને સાથે પણ ન રાખ્યા.

અમિત શાહે કોંગ્રેસને ખેડૂત વિરોધી ગણાવીને પ્રહારો કર્યા હતા કે, કોંગ્રેસના સમયમાં ખેડૂત ૮ કિલોમીટર પછી જમીન ન લઈ શકે તેવો કાયદો હતો. ગામડામાં ૮ કલાક વીજળી આપવાનું કામ નરેન્દ્રભાઈએ કર્યું. કોંગ્રેસના સમયમાં તો ફ્રિજમાં દવા રાખવાની હોય પણ ૧૦ કલાક લાઈટ ન આવે તો દવા પણ ફેઈલ થઈ જતી.અમિત શાહે જણાવ્યું હતું કે, ૧૯૯૫ સુધી ગુજરાતમાં દાદાઓ અને ગુંડાઓનું રાજ હતું. જનસંઘ સમયે ગુંડા વિરોધી સમિતિઓ બનાવવામાં આવી હતી. આજે ગુજરાતમાં કોઈ ગુંડો કે દાદાનું ચાલતું નથી. હવે ચાલે તો માત્ર હનુમાન દાદાનું જ.

અમિત શાહે જણાવ્યું હતું કે, કોરોના મહામારીમાં કોરોનામાં રસી મુકવામાં કોઈને ક્યાંય ચારાના પણ આપવા પડ્યા? બે ડોઝ લીધા ને મફત મળ્યા ને...



શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટયૂટ ઓફ ટેકનોલોજી ,ભાટ ગાંધીનગર, કોમ્પ્યુટર ઇજનેરી વિભાગના વડા ડો વિજયકુમાર ગઢવી દ્વારા વર્ષ ૨૦૨૨ માં ભારત સરકારના પેટન્ટ વિભાગ દ્વારા પ્રમાણિત એવી બીજી પેટન્ટ રજીસ્ટર કરાવી છે જેનો વિષય આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એન્ડ ડીપ લર્નિંગ અલગોરિધમ ટુ ડિટેક્ટ એન્ડ પ્રિવેન્ટ માલવેર ઈન સાઈબર સિક્યુરિટી છે .હાલના સમયમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ડીપ લર્નિંગ અને સાઈબર સિક્યુરિટી ની વિશ્વ ખાતે ખૂબ જ માંગ વધી રહી છે. એ જોતા આપણા ગાંધીનગરના પ્રધ્યાપક ડોક્ટર વિજયકુમાર ગઢવી દ્વારા આ પ્રકારનું સંશોધન કરવામાં આવ્યું તે બદલ અભિનંદનને પાત્ર છે .તેમ જ આ સંશોધન થકી સાયબર સિક્યુરિટી માં જે યુવાનો ટેકનિકલ ક્ષેત્રે આગળ વધી રહ્યા છે તેમના માટે એક પ્રેરણા રૂપ સાબિત થશે.

ડો વિજય કુમાર ગઢવી દ્વારા આ પૂર્વે પક્ષ ટેકનોલોજી અને આઈ ઓ ટી વિષય પર પણ પેટન્ટ કરવામાં આવી હતી. જેને ભારત સરકારના પબ્લિકેશન ઓફ ધ પેટન ઓફિસ દ્વારા માન્ય કરવામાં આવી હતી.

# આજકાલ રાહુલ ગાંધીનો ચહેરો સદ્દામ હુસૈન જેવો દેખાય છે', આસામના મુખ્ય મંત્રી હિમંતા બિસ્વા સરમા



અમદાવાદ,તા.૨૩

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનો માહોલ ખીલ્યો છે. હાલ વાર પ્રતિવાર થઈ રહ્યા છે, ત્યારે ગુજરાતમાં આગામી મહિને થનાર વિધાનસભાની ચૂંટણીના મતદાન પહેલા અમદાવાદમાં બીજેપી ઉમેદવાર માટે એક જનસભાને સંબોધિત કરતા આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ જણાવ્યું હતું કે આજકાલ રાહુલ ગાંધી સદ્દામ હુસૈન જેવા દેખાય છે.

રાહુલ ગાંધીના દેખાવ પર કટાક્ષ કરતા સરમાએ કહ્યું કે, હવે મેં જોયું છે કે તેમનો (રાહુલ ગાંધી) ચહેરો પણ બદલાઈ ગયો છે. ચહેરો બદલવો એ ખરાબ વાત નથી. જો તમારો ચહેરો બદલે છે તો સરદાર વલ્લભભાઈ પટેલ, જવાહરલાલ નેહરુ કે ગાંધીજીની જેમ કરો, પરંતુ તમારો ચહેરો સદ્દામ હુસૈન જેવો કેમ થતો જઈ રહ્યો છે.

ગુજરાતના ભાર્ગવ રોડ કુબેરનગર ચૂંટણી પ્રચાર માટે પહોંચેલા હિમંતા બિસ્વા સરમાએ કહ્યું છે કે, આજકાલ ભારત જોડો યાત્રામાં રાહુલ ગાંધીનો ચહેરો સદ્દામ હુસૈન જેવો દેખાય છે. ચહેરો રાખવો હોય તો ગાંધી જેવો રાખો. કોંગ્રેસ પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે, કોંગ્રેસ માત્ર બાબરનું નામ લે છે અને માત્ર એક જ ધર્મને આગળ કરે છે. તો જ્યારે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નવા ભારતનું નિર્માણ કર્યું છે. તેમણે કહ્યું કે રાહુલ ગાંધી વીર સાવરકરનું અપમાન કરે છે, તમારી હિંમત કેવી રીતે થઈ?

હિમંતા બિસ્વા સરમાએ કહ્યું કે, રાહુલ ગાંધી ગુજરાતમાં દેખાતા નથી, આજકાલ તેઓ મહેમાન બનીને આવ્યા છે. હિમાચલ પ્રદેશની ચૂંટણી પૂરી થઈ ગઈ હતી પરંતુ તે ત્યાં પણ ગયા નથી. જે રાજ્યોમાં ચૂંટણી નથી, ત્યાં જ તેઓ જતા હોય છે, પરંતુ જ્યાં ચૂંટણી હોય ત્યાં તેઓ જતા નથી. તેઓ ચૂંટણી હારી જવાથી ડરે છે. તેઓ જાણે છે કે હું જ્યાં જઈશ ત્યાં મારી હાર થશે. તેમને જીતવાની કોઈ આશા પણ નથી.

ચૂંટણી પહેલા રાહુલ ગાંધીની ગુજરાતની અમુક પ્રવાસ પર સવાલ ઉઠાવતા સરમાએ કહ્યું કે, તેઓ ગુજરાતમાં અદૃશ્ય છે. તેઓ વિઝિટિંગ ફેકલ્ટીની જેમ રાજ્યમાં આવે છે.

તેમણે હિમાચલ પ્રદેશમાં પણ પ્રચાર કર્યો નથી. તે ફક્ત તે જ સ્થળોની મુલાકાત લે છે જ્યાં ચૂંટણી નથી થઈ.. કદાચ એના કારણે જ તેમને હારનો ડર છે.

આસામના મુખ્ય પ્રધાને એવો પણ આક્ષેપ કર્યો હતો કે કોંગ્રેસે રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રામાં હાજરી આપવા માટે બોલીવુડ સ્ટાર્સને પૈસાની ચૂકવણી પણ કરી હશે, આડકતરી રીતે અભિનેત્રી પૂજા ભટ્ટ અને અમોલ પાલેકરનો ઉલ્લેખ કર્યો છે જેઓ યાત્રામાં આવ્યા હતા. અગાઉ, ધનસુરામાં એક જાહેર સભાને સંબોધતા સરમાએ 'લવ જેહાદ'ને કાબૂમાં લેવા માટે કડક કાયદા બનાવવાની હાકલ કરી હતી.

# કોરોના કાળમાં પણ ૨૨૫ થી વધારે સગપણ કરાવવામાં કિરીટભાઈ કેસરીયા નિમીત બન્યા

## સેવા કાર્યો માટે સદા તત્પર, રઘુવંશી અગ્રણીશ્રી કિરીટભાઈ કેસરીયાની રઘુવંશી વેવીશાળ ક્ષેત્રે હાઈટેક સેવા

## લગ્નોત્સુક રઘુવંશી યુવક યુવતીઓ માટે વિનામુલ્યે મેરેજ બ્યુરોની વોટસએપ સેવા, મેરેજ બ્યુરો તુમ્હારી મુઠ્ઠી મેં

સૌરાષ્ટ્રના સેવાક્ષેત્રમાં અનેક સંસ્થા સાથે જોડાયેલા શ્રી કિરીટભાઈ કેસરીયાનું નામ એક અદના કાર્યકર તરીકે જાણીતું છે. તન, મન, ધન, વચન, કર્મથી સતત સક્રિય અને યુવાનોને શરમાવે તેવી સ્ફૂર્તિથી સેવારત શ્રી કિરીટભાઈ છેલ્લા ૨૦ વર્ષથી ખાસ કરી લોહાણા જ્ઞાતિનો વિકટ પ્રશ્ન બની ગયેલ દિકરા દિકરીના વેવિશાળના માટે કાર્યરત છે. સમગ્ર ભારતમાં નવા જમાનાને અનુરૂપ વોટસએપ દ્વારા ૬૦ ગ્રુપની શરૂઆત કરી હજારો દિકરા-દિકરીઓની માહિતી ઘેર બેઠા પરસ્પર મળી રહે તે માટે બાયોડેટાની આપલે કરી નવતર પ્રયાસ કર્યો છે, તે લોકોની પ્રશંસાપાત્ર બની ગયેલ છે. શિક્ષીત, ઓછું ભણેલા, છુટાછેડા



કે ખોડખાપણ, વિધવા, વિધુર જેવા અનેકપાત્રો માટે આશીર્વાદરૂપ સેવા વિનામુલ્યે અને વિના અપેક્ષાએ કિરીટભાઈ ચલાવી રહયાં છે. હવે મેરેજ બ્યુરો સુધી કારણોવસાત ન પહોંચી શકતા લોકો માટે વોટસએપથી સેવા એટલે મેરેજ બ્યુરો સેવા તમારી મુઠ્ઠીમાં કે તમારા આંગળીના ટેરવે એવું કહેવાતું થયું છે. છેલ્લા બે વર્ષમાં ૫૦૦ દિકરીઓના સગપણ તથા કોરોના કાળમાં, છેલ્લા સવા વર્ષ દરમ્યાન, ૨૨૫થી વધારે સગપણ કરાવવામાં કિરીટભાઈ કેસરીયા નિમીત બન્યા છે.

વોટસએપ દ્વારા જબરો પ્રતિસાદ મળી રહયો છે. ઝડપી ત્વરીત સેવાના કારણે લગભગ દર માસે આઠ થી દસ સગપણો થાય છે. શ્રી કિરીટભાઈ કેસરીયાની માનવતાવાદી સેવા ખુબ જ સહજ અને સમાજ પ્રત્યેની પોતાની પવિત્ર સેવા સમજી કરી રહયા છે આ કાર્ય માટે મધ્યસ્થી તરીકે મુંબઈ, દિલ્હી , કલકતા દુરના સ્થળોએ વડીલો સાથે જાય છે. ઉપરાંત રાજકોટમાં તેના રોજીંદા ક્રમમાં સવારથી રાતના મોડે સુધી કિરીટભાઈનો મોબાઈલ રણકતો રહે છે અને દરેક લોકોને પ્રેમપૂર્વક જવાબો અને માર્ગદર્શન આપે છે. ગુજરાત ગૌરવ ફાઉન્ડેશનમાં એડમીન તરીકે કિરીટભાઈ સેવા આપી રહ્યા છે. આ વિશ્વના એકમાત્ર ગુજરાતીઓનું મોટું ફાઉન્ડેશન છે જેમાં ૨ લાખ મેમ્બર બનાવવાનું સંકલ્પ છે.

શ્રી કિરીટભાઈ આ ઉપરાંત અનેક મેરેજ બ્યુરોમાં પોતાની નિ:સ્વાર્થ સેવા આપી રહયાં છે. અનેક દિકરા દિકરીઓના સગપણો તેઓના દ્વારા થયા છે.

કિરીટભાઈ કેસરીયા રેસકોર્સ કલબ, લોહાણા મહાજન કમિટી મેમ્બર, પદે સેવા આપી ચૂકયા છે. ઉપરાંત લોહાણા મહાપરિષદ મેરેજ બ્યુરો કમિટી, અખિલ ગુજરાત લોહાણા સમાજ, અખિલ સૌરાષ્ટ્ર રઘુવીર સેના, રઘુવંશી પરિવાર સહિતની જ્ઞાતી સંસ્થાઓમાં સતત સક્રિય છે. બિલેશ્વર મહાદેવ મંદિરના પ્રમુખ, યાદગાર યુવક મંડળમાં પ્રમુખપદે સેવા આપી રહ્યાં છે.

જરૂરતમંદોને લોહીની જરૂરીયાત પડે ત્યારે ખડે પગે રહી વિનામુલ્યે વ્યવસ્થા કરે છે. વિજય બેંકમાં અધિકારી પદે રહી નિવૃત થયેલા શ્રી કિરીટભાઈ હાલમાં નાગરિક બેંકની યાજ્ઞીક રોડ શાખામાં વિકાસ કમિટીમાં પણ મેમ્બર તરીકે સેવા આપી રહયા છે. સંબંધોના માનવી એવા કિરીટભાઈ કોઈપણ જાણીતા કે અજાણ્યા લોકોને મુશ્કેલીમાં સહાયરૂપ થવા તત્પર રહે છે. રઘુવંશી સમાજના મૂક સેવક કિરીટભાઈ કેસરીયાનો વ્હોટેસએપ નં. ૯૮૨૪૨ ૨૪૨૭૦

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.